RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 8 * Issue No. 351* Date: 18.10.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## સિસોદિયા સીબીઆઇની ઓફિસમાં, આપના કાર્યકરો દ્વારા પ્રદર્શન

નવીદિલ્હી,તા.૧૭

દિલ્હી એક્સાઇઝ પોલિસીમાં કથિત અનિયમિતતાના મામલામાં પૂછપરછ માટે નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા સોમવારે સવારે ૧૧ વાગે સીબી આઇઓફિસ પહોંચ્યા હતા.મનીષ સિસોદિયા ઘરેથી નીકળ્યા ત્યારે તેમની પત્નીએ તેમને તિલક લગાવ્યું હતું. જ્યારે રેલીમાં નીકળ્યા ત્યારે શહીદીના ગીતો વગાડવામાં આવી રહ્યા હતા. આ પછી તેઓ રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલિ આપવા રાજઘાટ પહોંચ્યા હતા.

દિલ્હીના ડેપ્યુટી સીએમ મનિષ સિસોદિયા સીબીઆઇની ઓફિસે જતા પહેલા આમ આદમી પાર્ટીની ઓફિસે અને રાજઘાટ ગયા હતા. સિસોદિયા પૂછપરછ માટે જવા ઘરની બહાર નીકળ્યા ત્યારે પત્નીએ તિલક લગાવ્યું હતુ અને માતાએ આશીર્વાદ આપ્યા હતા. સિસોદિયા ખુલ્લી કારમાં સમર્થકો સાથે નીકળ્યા હતા, તે દરમિયાન શહીદીના ગીતો વાગી રહ્યા હતા. સામાન્ય રીતે માર્ગ પર રેલી જેવો માહોલ જોવા મળ્યો હતો. આ દરમિયાન સિસોદિયાએ કહ્યું- મારી ધરપકડની તૈયારી છે અને હું બલિદાન આપવા માટે તૈયાર છું.

સીબીઆઇની પૂછપરછ મામલે સિસોદિયાએ કહ્યું હતુ કે, આ કેસ સંપૂર્ણપણે નકલી છે, પરંતુ મારા જેલમાં જવાથી ગુજરાતની ચૂંટણી પ્રચાર અટકશે નહીં. સારી શાળા, હોસ્પિટલ, નોકરી, વીજળી માટે ગુજરાતનો દરેક માણસ હવે ચૂંટણી પ્રચાર કરી રહ્યો છે. ગુજરાતમાં આવનારી ચૂંટણી એક આંદોલન બની રહેશે. સિસોદિયાએ કહ્યું હતું કે મારી વિરુદ્ધ સંપૂર્ણપણે ખોટો કેસ કરીને મારી ધરપકડ કરવાની તૈયારી કરી રહ્યા છે. આગામી દિવસોમાં ચૂંટણી પ્રચાર માટે મારે ગુજરાત જવાનો હતો.આ લોકો ગુજરાતમાં ખરાબ રીતે હારી રહ્યા છે. તેમનો હેતુ મને ગુજરાતમાં ચૂંટણી પ્રચારમાં જતા અટકાવવાનો છે.સિસોદિયા ૧૧ વાગે સીબીઆઇ ઓફિસ પહોંચ્યા હતા અને સીબીઆઈએ સિસોદિયાની પૂછપરછ શરૂ કરી હતી તેમની સાથે વાહનો અને સમર્થકોનો લાંબો કાફલો પણ સીબીઆઈ ઓફિસ પહોંચ્યો હતો. જો કે, સીબીઆઈ ઓફિસની બહાર પોલીસે સિસોદિયાને એક્ઝિટ ગેટથી જ પ્રવેશવાની મંજૂરી આપી હતી. કાફલામાં અન્ય તમામને સીબીઆઈ કાર્યાલયની ૧૦૦ મીટર પહેલા રોકી દેવામાં આવ્યા હતા. આપ સાંસદ સંજય સિંહ સહિત આપના નેતાઓએ પ્રદર્શન કર્યા હતાં સંજયસિંહ માર્ગ ઉપર સુઇ ગયા હતાં તેમને પોલીસ સાથે ઉગ્ર બોલાચાવી પણ થઇ હતી.આપને જણાવી દઈએ કે સીબીઆઈ દિલ્હી એક્સાઈઝ પોલિસીમાં કથિત અનિયમિતતાના કેસની તપાસ કરી રહી છે. આ પહેલા પણ સીબીઆઈ ઘણી વખત મનીષ સિસોદિયાના સ્થળો પર દરોડા પાડી ચૂકી છે. તેની ઘણી વખત પૂછપરછ પણ કરવામાં આવી છે. જો કે, મનીષ સિસોદિયાએ દાવો કર્યો છે કે અત્યાર સુધી સીબીઆઈને તેમની પાસેથી આ કેસ સંબંધિત કંઈપણ મળ્યું નથી.

દિલ્હીના ઉપમુખ્યમંત્રી મનીષ સિસોદિયા સીબીઆઈ હેડ ક્વાર્ટર પર પહોંચતા જ તેમને એન્ટ્રી રજિસ્ટર આપવામાં આવ્યું હતું. જેના પર સહી કર્યા બાદ સીબીઆઈની ટીમ તેની સાથે અંદર ગઈ હતી. કહેવામાં આવી રહ્યું છે કે હાલ તેમની પૂછપરછ ચાલુ છે. પૂછપરછ કરતા તમામ અધિકારીઓ પાસે પ્રશ્નોની અલગ અલગ યાદી છે. કહેવામાં આવી રહ્યું છે કે આ પૂછપરછ થોડી લાંબી થઈ શકે છે. હકીકતમાં, આ પૂછપરછ દરમિયાન સિસોદિયાને અન્ય આરોપીઓ અને સાક્ષીઓના નિવેદનો પણ સાંભળવાના છે.

આ દરમિયાન કેજરીવાલે પણ ટ્વીટ કરીને ભાજપ પર નિશાન સાધ્યું હતુ. કેજરીવાલે કહ્યું- ગુજરાતનું પરિણામ ૮ ડિસેમ્બરે આવશે. આ લોકો ત્યાં સુધી મનીષને જેલમાં રાખશે. જેથી મનીષ ગુજરાત ચૂંટણીમાં પ્રચાર માટે ન જઈ શકે. સિસોદિયાની રેલી પર કટાક્ષ કરતા ભાજપે કહ્યું કે આ આપનો જશ્ન-એ-ભ્રષ્ટાચાર છે. ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું, ×સિસોદિયા તેમના સમર્થકો સાથે રસ્તાઓ પર ખુલ્લી કારમાં સૂત્રોચ્ચાર કરતા એવું લાગે છે કે આપ ભ્રષ્ટાચારનો વર્લ્ડ કપ જીતી ગઈ છે.× કેજરીવાલે કહ્યું હતું કે મનીષના ઘરે દરોડામાં કંઈ મળ્યું નહોતું, બેંક લોકરમાં કંઈ મળ્યું નથી. તેમની સામેનો કેસ સંપૂર્ણપણે ખોટો છે. ચૂંટણીપ્રચાર માટે તેમને ગુજરાત જવાનું હતું. તેમને રોકવા માટે તેમની ધરપકડ કરવામાં આવી



રહી છે, પરંતુ ચૂંટણીપ્રચાર અટકશે નહીં. ગુજરાતની દરેક વ્યક્તિ આજે 'આપ'નો પ્રચાર કરી રહી છે.


આ પહેલાં રવિવારે સીએમ કેજરીવાલે સિસોદિયાની સરખામણી ભગત સિંહ સાથે કરી હતી. એક ટ્વીટમાં કેજરીવાલે કહ્યું હતું કે જેલના સળિયા અને ફાંસી ભગત સિંહના ઊંચા ઈરાદાઓને રોકી શકી નથી. આઝાદીની આ બીજી લડાઈ છે. કોંગ્રેસે એને શહીદ ભગત સિંહનું અપમાન ગણાવ્યું છે.

તેના જવાબમાં દિલ્હી પ્રદેશ કોંગ્રેસના અધ્યક્ષ અનિલ ચૌધરીએ કહ્યું હતું કે કેજરીવાલ પોતાના ભ્રષ્ટ નેતાઓને દેશભક્ત કહેવાને બદલે ભગત સિંહ જેવા શહીદોનું અપમાન કરી રહ્યા છે. તપાસમાં તમામ બાબતો સ્પષ્ટ થઈ ગઈ છે, દારૂનું લાઈસન્સ કોણે આપ્યું, કોના ઈશારે આપ્યું, તેથી સીબીઆઈએ સિસોદિયાની ધરપકડ કરવી જોઈએ. તેણે આ રૂપિયા ક્યાં ખર્ચ્યા એ પણ શોધવું જોઈએ.

## કેટલીક લડાઈઓ એટલા માટે લડવામાં આવે છે, જેથી ઈતિહાસ યાદ રાખે કે વર્તમાન મૌન નહોતો : શશિ થરૂર

નવીદિલ્હી,તા.૧૭

કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે આજે મતદાન થયું છે આ મતદાન સાંજે ૪ વાગ્યા સુધી ચાલ્યું હતું.કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ મલ્લિકાર્જૂન ખડગે અને શશિ થરૂર વચ્ચે સીધો મુકાબલો છે. ચૂંટણીનું પરિણામ ૧૯મી ઓક્ટોબરે આવશે. કોંગ્રેસના નવા અધ્યક્ષ માટે આજે દેશભરમાં કોંગ્રેસ કાર્યાલયોમાં ૬૮ બૂથો પર મતદાન કરવામાં આવ્યું હતું મતગણતરી બુધવારે (૧૯ ઓક્ટોબર) થશે. પાર્ટીના લગભગ ૧૩૭ વર્ષના ઈતિહાસમાં છઠ્ઠીવાર આ રીતે અધ્યક્ષ નક્કી કરવા માટે ચૂંટણી મુકાબલો થઈ રહ્યો છે. અગાઉ વર્ષ ૧૯૯૮માં સોનિયા ગાંધી અને જિતેન્દ્ર પ્રસાદ વચ્ચે યોજાયેલી ચૂંટણીમાં મતદાન થયું હતું.આ ચૂંટણીમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા અધ્યક્ષ પદ માટે રેસમાં રહ્યા નથી. એટલે કે ગાંધી પરિવાર અધ્યક્ષ પદની ચૂંટણીમાંથી બહાર છે. ૨૪




વર્ષ બાદ એવું પહેલીવાર બનશે કે જ્યારે ગાંધી પરિવાર બહારની કોઈ વ્યક્તિ કોંગ્રેસના અધ્યક્ષ બનશે.

કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે ચૂંટણી મેદાનમાં મલ્લિકાર્જૂન ખડગે અને શશિ થરૂર આમને સામને છે. પાર્ટીના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધી અને મહાસચિવ પ્રિયંકા ગાંધીએ દિલ્હી સ્થિત કોંગ્રેસ કાર્યાલયમાં મતદાન કર્યું. કોંગ્રેસ અધ્યક્ષ પદ માટેના ઉમેદવાર મલ્લિકાર્જૂન ખડગેએ કર્ણાટકના પાટનગર બેંગ્લુરુમાં મતદાન કર્યું. બીજી બાજુ રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે કહ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. ગહેલોતે એમ પણ કહ્યું કે ૧૯ ઓક્ટોબર બાદ પણ ગાંધી પરિવાર સાથે મારા સંબંધ એવા જ જળવાઈ રહેશે. રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે જયપુર કોંગ્રેસ કાર્યાલયમાં અધ્યક્ષપદ માટે પોતાનો મત આપ્યો હતો.

કર્ણાટકમાં રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં સામેલ ડેલિગેટ્સ માટે એક કન્ટેનરમાં વિશેષ બૂથ બનાવવામાં આવ્યુ હતું બેલ્લારીમાં મત આપવા માટે ડેસિગેટ્સ સાથે રાહુલ ગાંધી લાઈનમાં ઊભા રહીને મતદાન કર્યું હતું વોટિંગ પહેલાં શશિ થરૂર માટે ચૂંટણીના નિયમોમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ એટલા માટે કરવામાં આવ્યું, કારણ કે થરૂરને રાજસ્થાન, મધ્યપ્રદેશ, હરિયાણા અને છત્તીસગઢ સહિત ઘણાં રાજ્યોમાં પોલિંગ એજન્ટો મળ્યા નથી. માનવામાં આવે છે કે થરૂરને આ રાજ્યોમાં મત મળવા મુશ્કેલ પણ છે. આ પછી પાર્ટીએ એક કાર્યકરને પોલિંગ એજન્ટ બનાવવાની લીલી ઝંડી આપી દીધી છે. કોંગ્રેસના બંધારણ મુજબ મતદાન કરનાર ડેલિગેટ્સ જ પોલિંગ એજન્ટ હોય છે.કોંગ્રેસના અધ્યક્ષપદના ઉમેદવાર મલ્લિકાર્જુન ખડગેએ પોતાનો મત આપ્યો હતો. મતદાન પહેલા શશિ થરુરે મલ્લિકાર્જુનને ફોન કરીને શુભકામના પાઠવી હતી, ખડગેએ પણ થરૂરને ગુડ લક કહ્યું હતું.મનમોહન સિંહ સહિત ૪૦ પ્રતિનિધિ કોંગ્રેસ મુખ્યાલય જઈને મતદાન કર્યું હતું કેરળના કોંગ્રેસ કાર્યાલય ખાતે કોંગ્રેસ-અધ્યક્ષપદના ઉમેદવાર શશિ થરુરે મતદાન કર્યું હતું.આ દરમિયાન શશિ થરૂરે એક ટ્વીટમાં લખ્યું છે કે કેટલીક લડાઈઓ અમે એટલા માટે લડીએ છીએ, જેથી ઈતિહાસ યાદ રાખે કે વર્તમાન મૌન નહોતો. મધ્યપ્રદેશના પૂર્વ સીએમ કમલનાથે ભોપાલના ઈન્દિરા ભવન ખાતે કોંગ્રેસ-અધ્યક્ષપદ માટે પોતાનો મત આપ્યો હતો.પૂર્વ કેન્દ્રીય મંત્રી પી. ચિદમ્બરમે દિલ્હીમાં કોંગ્રેસના કાર્યાલયે અધ્યક્ષપદ માટે પોતાનો મત આપ્યો હતો.આજે સવારે સવારે ૧૦ વાગ્યાથી મતદાન દેશભરમાં કોંગ્રેસ કાર્યાલયોમાં મતદાન શરૂ થયું હતું. કોંગ્રેસની સેન્ટ્રલ ઈલેક્શન ઓથોરિટીએ કહ્યું હતું કે ચૂંટણીમાં ૩૬ મતદાન કેન્દ્ર, ૬૭ બૂથ બનાવવામાં આવ્યા હતાં જેમાં યુપીમાં મહત્તમ ૬ બૂથ હતાં દરેક ૨૦૦ પ્રતિનિધિ માટે એક બૂથ બનાવવામાં આવ્યું હતું

લગભગ ૧૩૭ વર્ષ જૂની કોંગ્રેસ પાર્ટીમાં છઠ્ઠીવાર થશે જ્યારે ચૂંટણી મુકાબલાથી સાબિત થશે કે પાર્ટીના આ મહત્વના પદ માટે કોણ યોગ્ય ઉમેદવાર છે. કોંગ્રેસ અધ્યક્ષની આ ચૂંટણીમાં ગાંધી પરિવારના કોઈ સભ્ય સંકળાયેલા નથી. એટલે કે પહેલાથી નક્કી છે કે આ વખતે અધ્યક્ષની કમાન ગાંધી પરિવાર બહારના વ્યક્તિને મળવાની છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી જયરામ રમેશે મીડિયા સાથે વાતચીતમાં જણાવ્યુ કે, આ છઠ્ઠીવાર છે જ્યારે કોંગ્રેસના ૧૩૭ વર્ષના ઈતિહાસમાં અધ્યક્ષ પદ માટે આંતરિક રૂપથી ચૂંટણી યોજાઈ રહી છે.

## સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અને રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાને નોટિસ જારી કરાઈ

નવીદિલ્હી,તા.૧૭

જસ્ટિસ બીઆર ગવઈ અને જસ્ટિસ બી.વી. નાગરથ્નાની બેંચે સ્વામીની અરજી પર તેમનો જવાબ માંગવા માટે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અને રિઝર્વ બેંક ઑફ ઈન્ડિયાને નોટિસ જારી કરી છે. બેન્ચે કહ્યું, 'અમે વિચાર કરીશું. નોટિસ જારી કરો.'

ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ કરાયેલા કેસમાં સુપ્રીમ કોર્ટે ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઈ) અને સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ)ને નોટિસ પાઠવી છે. સુબ્રમણ્યમ સ્વામીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી જેમાં બેંક લોન ફ્રોડ કેસમાં આરબીઆઈના નિયુક્ત ડિરેક્ટરની કથિત ભૂમિકાની સીબીઆઈ તપાસની માંગ કરવામાં આવી હતી.

બીજેપીના વરિષ્ઠ નેતા સુબ્રમણ્યમ સ્વામીએ સુપ્રીમ કોર્ટમાં અરજી કરી છે જેમાં બેંક કૌભાંડોમાં કથિત સંડોવણી બદલ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના અધિકારીઓ સામે ઉચ્ચ સ્તરીય તપાસની માંગ કરવામાં આવી છે. તેમણે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) અથવા અન્ય કોઈ સક્ષમ અધિકારી દ્વારા તપાસની માંગ કરી હતી.

ગયા વર્ષે એડવોકેટ એમઆર વેંકટેશ અને એડવોકેટ સત્યપાલ સભરવાલ દ્વારા દાખલ કરવામાં આવેલી પીઆઈએલમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક વર્ષોમાં બેંક છેતરપિંડીના ઘણા કિસ્સાઓ સામે આવ્યા છે, પરંતુ આરબીઆઈના કોઈપણ અધિકારી દ્વારા કોઈપણ કૌભાંડને શોધવામાં નિષ્ફળ રહેવા માટે તેમને જવાબદાર ગણવામાં આવ્યા નથી.

જસ્ટિસ બીઆર ગવઈ અને બીવી નાગરથનાની બેન્ચે સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન અને રિઝર્વ બૅંક ઑફ ઈન્ડિયાને નોટિસ જારી કરીને સ્વામીની અરજી પર તેમનો જવાબ માંગ્યો હતો. બેન્ચે કહ્યું, 'અમે વિચાર કરીશું. નોટિસ જારી કરો.'

સ્વામીએ અરજીમાં જણાવ્યું હતું કે, આ કૌભાંડો આરબીઆઈના અધિકારીઓની સક્રિય મિલીભગતને કારણે થયા છે, જેઓ વિવિધ કાયદા હેઠળ પર્યાપ્ત સત્તા સાથે આ કૌભાંડોને રોકવામાં નિષ્ફળ રહ્યા છે.

ભાજપના વરિષ્ઠ નેતાએ તેમની અરજીમાં આરોપ લગાવ્યો છે કે કિંગફિશર, બેંક ઓફ મહારાષ્ટ્ર અને યસ બેંક જેવી વિવિધ સંસ્થાઓને સંડોવતા કૌભાંડોમાં આરબીઆઈ અધિકારીઓની સંડોવણીની તપાસ કરવામાં આવી નથી. અરજીમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે આરબીઆઈના અધિકારીઓએ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ, બેંકિંગ રેગ્યુલેશન એક્ટ અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એક્ટ સહિતના કાયદાઓનું સીધું ઉલ્લંઘન કરીને પ્રત્યક્ષ સક્રિય સહયોગથી કામ કર્યું છે.

## દિલ્હીમાં ભાઈની સામે જ ભાઈની હત્યા, નશો કરીને ૧૦ વાર ઘા કરીને મોતને ઘાટ ઉતાર્યો

નવીદિલ્હી,તા.૧૭

દિલ્હીના બિંદાપુર વિસ્તારમાં આરોપીઓએ નશાની હાલતમાં બે સાચા ભાઈઓ પર છરી વડે હુમલો કર્યો, જેમાં એકનું મોત થયું. પોલીસે હત્યાને અંજામ આપનાર આરોપીની ધરપકડ કરી હતી. તેમની ઓળખ રોબિન અને વરુણ તરીકે થઈ છે.આરોપીઓએ લોહિતને લગભગ ૧૦ વાર ચાકુ માર્યા હતા, જેના કારણે હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું. જ્યારે બીજા ભાઈ અનિલની સારવાર ચાલી રહી છે. મૃતક લોહિત તેની માતાની સારવાર માટે ભાઈ અનિલ પાસે પટનાથી દિલ્હી આવ્યો હતો.

દિલ્હીના દ્વારકા જિલ્લાના ડીસીપી એમ હર્ષ વર્ધને જણાવ્યું હતું કે ૧૫ ઓક્ટોબરની મોડી રાત્રે જેજે કોલોની, બિંદાપુરના માછલી બજારમાં બે યુવકો પર છરી વડે હુમલો કરવાની માહિતી મળી હતી. ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે જોયું કે બે વ્યક્તિ ઈજાગ્રસ્ત હાલતમાં રસ્તા પર બેભાન પડી હતી. બંનેને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં ડોક્ટરોએ લોહિતને મૃત જાહેર કર્યો હતો.

લોહિત પટનામાં મીઠાઈની દુકાનમાં મેનેજર હતો. થોડા દિવસો પહેલા લોહિત તેની માતાની સારવાર માટે દિલ્હી આવ્યો હતો. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે બંને ભાઈઓ ઘર બાંધી રહ્યા હતા. ૧૫ ઓક્ટોબરની રાત્રે ગાર્ડે ફોન કરીને કહ્યું કે કેટલાક છોકરાઓ અહીંથી સાડી અને અન્ય વસ્તુઓ લઈને ગયા છે.

## હિમાચલમાં ભાજપના ઓછામાં ઓછા ૧૨ ધારાસભ્યોની ટિકિટ કપાય તેવી સંભાવના

શિમલા,તા.૧૬

હિમાચલ પ્રદેશમાં ૧૨ નવેમ્બરે મતદાન થનાર છે અને આઠ ડિસેમ્બરે પરિણામ આવવાની સાથે નવી સરકાર માટે સત્તાનો માર્ગ ખુલી જશે હિમાચલમાં ભલે જ ભાજપ ફ્રંટ પર રમી રહી હોય પરંતુ આ પહાડી પ્રદેશમાં જોખમ ઉઠાવવા બિલકુલ પણ તૈયાર જોવા મળી રહી નથી ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડાએ પાર્ટી કાર્યકર્તાઓ અને નેતાઓને સખ્ત સલાહ આપવામાં આવી છે કે ટિકિટ ભલે જેને મળે બધાએ સાથે મળી પાર્ટીને વિજય બનાવવા માટે કામ કરવું જોઈએ પાર્ટીના સુત્રોનું કહેવુ છે કે વરિષ્ઠ નેતૃત્વ હિમાચલમાં ટિકિટ ફાળવણીને લઇ ખુબ ફોકસ્ડ છે.કહેવામાં એ પણ આવી રહ્યું છે કે ઓછામાં ૧૨ વર્તમાન ધારાસભ્યોને પોતાની ટિકિટથી હાથ ધોવા પડે તેવી સંભાવના છે.

હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચુંટણી માટે સુત્ર બતાવી રહ્યાં છે કે કોંગ્રેસે લગભગ ૩૫ ઉમેદવારોના નામ નક્કી કરી દીધા છે બસ જાહેરાત કરવાની બાકી છે ટિકિટોની ફાળવણી માટે કોંગ્રેસની સ્ક્રીનિંગ કમિટિની એક બેઠક પણ થઇ ચુકી છે.જો કે બીજી તરફ ભાજપે હજુ તેની ઔપચારિક પ્રક્રિયા શરૂ જ કરી નથી માનવામાં આવે છે કે વરિષ્ઠ નેતૃત્વ આ વખતે અનેક વર્તમાન ધારાસભ્યોની ટીકીટ કાપી શકે છે.

વિધાનસભા ચુંટણીની તારીખો નક્કી થઇ છે અને ઉમેદવારી પત્રકો ભરવાની અંતિમ તારીખ ૨૫ ઓકટોબર છે ભાજપ તાકિદે પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી શકે છે સુત્રોનું કહેવુ છે કે કામ નહીં ટિકિટ નહીંની ફોર્મ્યુલા પર પાર્ટી ધારાસભ્યોને ટિકિટ આપશે જે ધારાસભ્યોના વિસ્તારમાં જનતાનો પ્રેમ સારો રહ્યો નથી તેને ફરી ટિકિટ આપવાની સંભાવના ખુબ ઓછી છે.સુત્રોના જણાવ્યા અનુસાર રાજ્ય ચુંટણી પ્રભારી સૌદાન સિંહ અને સહ પ્રભારી દેવિંદર રાણાને ધારાસભ્યોના ત વિસ્તારમાં ફીડબેકની જવાબદારી સોંપવામાં આવી હતી જે ટિકિટ ફાળવીના સમયે નિર્ણયમાં કામ આવી શકે રાજકીય નિષ્ણાંતોનું માનવુ છે કે હિમાચલના મુખ્યમંત્રી જયરામકુમાર આ વખતે ચુંટણીમાં પુરી રીતે વરિષ્ઠ નેતૃત્વના વિશ્વાસે છે આમ એટલા માટે કારણ કે એક મહીનામાં વડાપ્રધાન મોદી બે વાર હિમાચલ પ્રદેશનો પ્રવાસ કરી ચુકયા છે.શુક્રવારે તેમણે ચુંટણી પંચની પત્રકાર પરિષદ પહેલા ઉનાથી ચંડીગઢ માટે ચોથી વંદે ભારત એકસપ્રેસ ટ્રેનને લીલીઝંડી બતાવી હતી આ ઉપરાંત ગૃહમંત્રી અમિત શાહ પણ સિરમૌર પ્રવાસે આવ્યા હતાં.એ યાદ રહે કે ગત વર્ષ ચાર બેઠકો પર થયેલ પેટાચુંટણીમાં ભાજપને હારનો સામનો કરવો પડયો હતો કોંગ્રેસે અહીં ચારેય બેઠકો પર જીત હાંસલ કરી તમામને ચોંકાવી દીધા હતાં જો કે આ મામલામાં ભાજપને તર્ક હતો કે કોંગ્રેસને પૂર્વ મુખ્યમંત્રી વીરભદ્ર સિંહના મૃત્યુ બાદ સિંપેથી મત મળ્યા છે પરંતુ ભાજપ માટે વિચારવાની વાત એ હતી કે પાર્ટીને મુખ્યમંત્રી જયરામ ઠાકુરના ગૃહ ક્ષેત્રમાં પણ હારનો સામનો કરવો પડયો હતો.

## તંત્રી સ્થાનેથી...

# વિશ્વમાં ભૂખમરાની ચિંતાજનક સ્થિતિમાં ભારત પણ સામેલ



ગ્લોબર હંગર ઈન્ડેક્સ વૈશ્વિક, ક્ષેત્રીય અને રાષ્ટ્રીય સ્તર પર ભૂખને વ્યાપક રીતે માપવા અને તેના પર નજર રાખવાની એક રીત છે. આ સ્કોર માપવાનાં મુખ્ય ચાર ધારાધોરણોમાં કુપોષણ, શીશુઓમાં કુપોષણ, બાળકોના વિકાસમાં અડચણ અને બાળમૃત્યુદર સામેલ છે. ‘ગ્લોબલ હંગર ઈન્ડેક્સ-૨૦૨૨‘માં ૧૨૧ દેશોના રેંકિંગને લઈને જાહેર કરવામાં આવેલા રિપોર્ટમાં ભારત ૧૦૭મા ક્રમાંકે છે. ભારત કરતાં પાડોશી દેશો પાકિસ્તાન, શ્રીલંકા, નેપાળ અને બાંગ્લાદેશની સ્થિતિ વધારે સારી કહેવાઈ છે. આ યાદીમાં દક્ષિણ એશિયામાં સૌથી સારી સ્થિતિમાં શ્રીલંકા છે. આર્થિક સંકટ સામે ઝઝૂમી રહેલાં શ્રીલંકાને આ ઈન્ડેક્સમાં ૬૪મું સ્થાન, પાડોશી દેશ પાકિસ્તાન ૯૯મા ક્રમે છે. ભારતના અન્ય પાડોશી દેશ નેપાળ ૮૧મા અને બાંગ્લાદેશ ૮૪મા સ્થાને છે. અફઘાનિસ્તાન આ યાદીમાં ૧૦૯મા ક્રમાંકે છે. માત્ર એક પાડોશી દેશ અફઘાનિસ્તાનને બાદ કરતાં તમામની સ્થિતિ હંગર ઈન્ડેક્સમાં ભારતથી સારી દર્શાવાઈ છે.

ભારતનો સ્કોર અત્યંત ગંભીર શ્રેણીમાં આવે છે. આ સિવાય કુલ ૧૭ દેશો એવા છે જેમનો સ્કોર ઓછો છે એ દેશોમાં ચીન, તુર્કી, કુવૈત, બેલારુસ, ઉરુગ્વે અને ચિલે જેવા દેશો સામેલ છે અને મુસ્લિમ બહુમતી ધરાવતા દેશોની સ્થિતિની વાત કરીએ તો યુએઈ ૧૮મા, ઉઝ્બેકિસ્તાન ૨૧મા, કઝાખિસ્તાન ૨૪મા, ટ્યૂનીશિયા ૨૬મા, ઈરાન ૨૯મા, સાઉદી અરેબિયા ૩૦મા સ્થાને છે. ગ્લોબલ હંગર ઈન્ડેક્સનાં ચાર ધારાધોરણો પૈકી બાળકોમાં ગંભીર કુપોષણની વાતમાં ભારત આ વખતે ૧૯.૩ ટકા છે. ૨૦૧૪માં તે ૧૫.૧ ટકા હતું. આનો અર્થ એમ થાય છે કે ભારત આ મુદ્દે વધુ પાછળ ધકેલાયું છે. કુપોષણની વાતમાં પણ ઘણું વધ્યું છે. આ પ્રમાણ દેશની કુલ વસતી ભોજનની કેટલી અછતનો સામનો કરી રહી છે, તેને દર્શાવે છે. ઈન્ડેક્સ પ્રમાણે, ભારતમાં ૨૦૧૮થી ૨૦૨૦ વચ્ચે કુપોષણનો દર ૧૪.૬ ટકા હતો. જે ૨૦૧૯-૨૧ દરમિયાન વધીને ૧૬.૩ ટકા થઈ ગયો છે. તેનો અર્થ થાય છે કે વિશ્વમાં કુલ ૮૨.૮ કરોડ લોકો કુપોષણનો સામનો કરી રહ્યા છે. જેમાંથી ૨૨.૪ કરોડ લોકો માત્ર ભારતમાં જ છે. આ રિપોર્ટમાં કુલ ૪૪ દેશો એવા છે જેમની સ્થિતિ ખૂબ જ ખતરનાક સ્તર પર છે. જેમાં ભારત પણ સામેલ છે.

આ હકીકત સામે ભારત જીડીપીના મામલે બ્રિટનને પછાડીને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બન્યું છે. બ્લૂમબર્ગના આંકડા પ્રમાણે ભારતે માર્ચ ૨૦૨૨ના અંતમાં બ્રિટનને પાછળ છોડી દીધું હતું. બ્લૂમબર્ગે આ તારણ આઈએમએફના આંકડા પરથી જાહેર કર્યું હતું. બ્લૂમબર્ગના અનુમાન પ્રમાણે આગામી કેટલાંક વર્ષોમાં ભારત બ્રિટનની અર્થવ્યવસ્થાથી ઘણું આગળ નીકળી જશે. આઈએમએફના તાજેતરના એક રિપોર્ટમાં અનુમાન લગાવવામાં આવ્યું છે કે ૨૦૨૨માં ભારતની અર્થવ્યવસ્થાનો વિકાસદર ૬.૮ ટકા રહેશે. પહેલાં આ અનુમાન ૭.૪ ટકા હતો. આઈએમએફનું એ પણ કહેવું છે કે ૨૦૨૩માં વિકાસદર ઘટી શકે છે અને તે ૬.૧ ટકા સુધી રહેવાની શક્યતા છે. જોકે, રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સૌથી ઝડપથી આગળ વધતી રહેશે.

# ચોમાસા પછીનું પ્રથમ વાવાઝોડું આગામી સપ્તાહમાં બંગાળની ખાડીમાં ઉદ્ભવશે !!!

નવીદિલ્હી,તા.૧૭

હાલમાં બંગાળની ખાડીમાં સાઇક્લોનિક સર્ક્યુલેશન સર્જાઈ તેવી શક્યતા સેવાઇ રહી છે . આ વાવાઝોડું ચોમાસાની ઋતુ બાદનું પ્રથમ વાવાઝોડું હોઈ શકે છે. અને આગામી સપ્તાહમાં લો પ્રેશર એરિયામાં ફેરવાય તેવી સંભાવના આંતરરાષ્ટ્રીય હવામાન મોડલ દવારા કરવામાં આવી છે. પરંતુ હજુ ભારતીય હવામાન વિભાગ દ્વારા આ અંગે કોઈ પુષ્ટતા કરવામાં આવી નથી. હવામાન વિભાગની માહિતી પ્રમાણે, બંગાળની ખાડીમાં ઉત્તર આંદામાન સાગર અને તેની આસપાસના વિસ્તારમાં એક લો પ્રેશર એરિયા બનવાની સંભાવના છે.

ઘરવાળીની હાકલ પડી છે.
સાતેય કામ પડતા મેલીને વહારે ધાજો,
રજાના અવસરને આફતમાં પલટાવી લો.
ચડી બનીયાન ધારીઓ કમર કસી લો.
લુંગીનો ધ્વજ અડધી કાઠીએ ચડાવી લો,
ખબર છે કે ઘરવાળીની હાકલ પડી છે.
સાવરણી,મસોતા સમા આયુધો ધરી લો,
સ્ટુલ,ટેબલ,સીડીને અશ્વ ગણી પણાલો,
અમને ધૂળની એલર્જી,તમે ચડો માળિયે,
જશોદાએ કરેલ બ્રહ્માંડ દર્શન જેવું દર્શન ,
ખબર છે કે ઘરવાળીની હાકલ પડી છે.
માળિયું જોયા પછી અર્જુન જેવો વિષાદ,
ગાઈડ વગર તો કિંકર્તવ્ય વિમૂઢ થયા
ષોડશીના ફાટફાટ યોવન જેવી હાલત છે
નકામી વસ્તુ સંગ્રહ કરવાનો શોખ પોષ્યો ,
ખબર છે કે ઘરવાળીની હાકલ પડી છે.
બિલાડીએ માળિયામાંથી કૂદકો લગાવ્યો,
પ્રથમ કોળિયે માખી જેમ સ્ટુલેથી પડયા,
માળિયા સફાઈના અંતે ચા-નાસ્તો પામશો,
સફાઈમાં ખપી જઈએ તો શહીદી પામીએ,
ખબર છે કે ઘરવાળીની હાકલ પડી છે.
સફાઈના ઈતિહાસમાં ધૂળાક્ષરે નામ લખાશે,
સ્વર્ગના માળિયા સફાઈઅર્થે રાહ જુએ,
સફાઈ પૂરી થાય તે ક્ષણથી બગાડો શરૂ.
ખબર છે કે ઘરવાળીની હાકલ પડી છે.
ભરત વૈષ્ણવ

# વંદે ભારત ટ્રેને અકસ્માતની હેટ્રિક નોંધાવી!!

જગતમાં ક્યારેય કોઇ ટ્રેન શરૂ ન કરી હોય અને પહેલીવાર અખંડ ભારત- આર્યાવર્તમાં ટ્રેન શરૂ કરી હોય તેવા ઉન્માદથી આપણે હમણા વંદે ભારત નામની ટ્રેનને લીલી ઝંડી આપીને શરૂ કરાવી ( ટ્રેનને લીલી ઝંડી ન આપી હોત તો ટ્રેન કદી ચાલુ ન થાય. ગાંધીનગર યાર્ડમાં ઘર જમાઈ સોરી ઘર સાસુની જેમ પડી પાખરી હોત!! ટ્રેનને લીલી ઝંડી આપવામાં આવે છે .રાષ્ટ્રવાદીઓએ લીલા રંગને બદલે બીજો કલર શોધવાની તાતી જરૂર છે!) દેશની પ્રથમ ખાનગી ટ્રેન તેજસ વખતે પણ આવો જ ઉપાડો કર્યો હતો. માનો કે ભારતીય રેલવેની શાખ તળિયે ગઇ છે તેને ખાનગી ઓપરેટરને ચરણે ધરીએ તો જ ફ્રાન્સના એફિલ ટાવર અગર બુર્જ ખલીફા જેટલી ઊંચી બનાવી શકીએ. રેલવેનું ખાનગીકરણ પણ ધુપ્પલથી વધુ કાંઇ નથી. પ્રજાના કરવેરાના પૈસે રેલના પાટા-રેલવે લાઇન બિછાવી, સિગ્નલ, ઈલેક્ટ્રિક ટ્રેનો ચલાવવા ક્લબો, થાંભલા, ટ્રાન્સફોર્મર લગાવ્યા, પ્લેટફોર્મ બનાવ્યા. રેલવે સ્ટેશનો બનાવ્યા . પ્રાઈવેટ ઓપરેટર એક પણ પૈસો લગાવ્યા વગર રેલવેની ટ્રેનો દોડાવે અને ગ્રાહકને મનફાવે -ધનફાવે તેમ લૂંટે તેનું નામ ખાનગીકરણ. માની લીધું કે તમારી અંગત મિલકત આ રીતે મિત્રોત્રોત્રોઓને પધરાવી શકો ,પણ જેમના ટેક્સથી સંપત્તિનું નિર્માણ થયેલ છે તે બાપડી પ્રજાને તો પૂછો?? આમ કરવાનું કહીશું તો સાપ સુંધી જશે.!!

વંદે ભારત સેમી સ્પીડ ટ્રેન છે. અત્યારે એકસો પંદર કિલોમીટરની સ્પીડે ચાલે છે! સવારે અમદાવાદથી શિરામણ-નાસ્તો કરીને મુંબઈમાં લંચ લઇ શકશો. મુંબઈથી લંચ સઈને અમદાવાદમાં ડિનર લઇ શકો .આવી લલચામણી ,લોભામણી, લપસણી ઓફર એડલ્ટ ફિલ્મની પણ નહીં હોય!!

વંદે ભારત એક્સપ્રેસની વિશેષતાની વાત કરવામાં આવે તો આ ટ્રેનમાં એટેન્ડન્ટ કોલ બટન, ઓટોમેટિક ડોર, સીસીટીવી કેમેરા, રિક્લાઈનિંગ ફેસિલિટી અને આરામદાયક સીટોની સુવિધા રહેશે. વંદે ભારત એક્સપ્રેસમાં જીપીએસ (ગ્લોબલ પૉઝિશનિંગ સિસ્ટિમ) આધારિત યાત્રી સૂચના પ્રણાલી સિવાય અલગ પ્રકારની લાઇટ, ઑટોમૅટિક દરવાજા અને સીસીટીવી (ક્લોઝ્ડ સર્કિટ કૅમેરા) લાગેલા હશે.ટ્રેનમાં બાયો વૅક્યૂમ ટૉયલેટ્સ છે, જેમને ટચ ફ્રી ફિટિંગ સાથે જોડવામાં આવ્યાં છે.

ટ્રેનમાં પીપલ વીધ ડિસેબિલિટી (ઉઢ) ને અનુકૂળ શૌચાલય પણ છે.આ ટ્રેન વાઈ ફાઈ, સ્વચાલિત જળવાયુ નિયંત્રિત ઍર કંડિશનીંગ, વ્યક્તિગત ચાર્જિંગ સૉકેટ જેવી સુવિધાઓથી સજ્જ છે.

રેલવે મંત્રાલયે મુંબઈ અને અમદાવાદ વચ્ચે વંદે ભારત સુપરફાસ્ટ ટ્રેન ચલાવવાની જાહેરાત કરી હતી. પરંતુ હવે આ ટ્રેન રવિવાર સિવાય દરરોજ મુંબઈ સેન્ટ્રલથી ગાંધીનગર જશે. આ ટ્રેનને સ્વદેશી સેમી હાઈ સ્પીડ ટ્રેન ગણાવવામાં આવી રહી છે. ટ્રેનનું નિર્માણ ઈઝ્ર (ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરી) ચેન્નાઈ દ્વારા રૂ. ૯૭ કરોડના ખર્ચે કરવામાં આવ્યું છે. આ ટ્રેનની આખી બૉડી ખાસ એલ્યૂમિનિયમની બનેલી છે એટલે ટ્રેનનું વજન ખૂબ હલકું રહે છે.તેને તુરંત જ બ્રેક લગાવીને રોકવી પણ સહેલી હશે અને તેને તુરંત જ તેજ ગતિ પણ આપી શકાય છે.કુલ ૧૬ કોચ ધરાવતી આ ટ્રેન સામાન્ય શતાબ્દી ટ્રેનની સરખામણીએ ઓછો સમય લેશે.ટ્રેનના મધ્યમાં બે ઉચ્ચ વર્ગના કંપાર્ટમેન્ટ હશે. પ્રત્યેકમાં ૫૨ સીટ હશે.સામાન્ય કોચમાં ૭૮ સીટ હશે.ટ્રેન એકસાથે ૧,૧૨૮ યાત્રીઓને લઈ જઈ શકે છે.

આ ટ્રેન આમ, તો ૩૦ મી સપ્ટેમ્બરે શરૂ કરવામાં આવેલ છે. ભારતીય કેલેન્ડર મુજબ શ્રાધ્ધ પક્ષની સમાપ્તિ બાદ અને નવરાત્રિની મધ્યમાં ટ્રેન શરૂ કરવામાં આવે છે. કશીક ગરબડ જરૂર છે. ચોઘડિયા, મુહૂર્ત, શુકન , વાસ્તુશાસ્ત્ર જે કંઇ હોય. કદાચ વંદે ટ્રેન પહેલાની શતાબ્દી કે રિપ્લેસ કરાયેલા સ્ટિમ એન્જિન કે કોલસાથી ચાલતા એન્જિનના અતૃપ્ત આત્માઓ વંદે ભારત પર વિઘ્નો વરસાવે છે. જૂના જમાનામાં ઋષિઓ યજ્ઞ કરતા ત્યારે રાક્ષસો યજ્ઞ અટકાવવા માટે લોહી, માંસ, હાડકા યજ્ઞવેદીમાં પડે તે રીતે નાંખતા હતા, પરિણામે યજ્ઞ પ્રદૂષિત થઇ જતો. બસ આ ઈ સ્ટાઇલથી વંદે ભારત પર અકસ્માતનો વરસાદ વરસાવે છે. કદાચ વિરોધપક્ષનું ષડયંત્ર હોઇ શકે! આપણને કમનસીબે સુશીલ, શાંત આજ્ઞાકારી પત્ની ( દરેક પત્નીમાં એક ગુણ હોય પણ આપણે ગુણોનો કોમ્બો ઈચ્છીએ છીએ. જેના માટે એકથી વધુ લગ્નો કરવા પડે!)મળતી નથી તેમ હકારાત્મક ( આપણી આરતી ઉતારે એ હકારાત્મક કહેવાય!) વિપક્ષ મળતો નથી. પૃથ્વી પર ન ભૂતો ભવિષ્ય એવી ટ્રેનનું ફિંજલું વળે તે માટે ટોટકા- ટુચકા, કામણ ટુમણ કરતા હોય!!કદાચ ચીન-પાકિસ્તાન આપણી અફલાતૂન ટ્રેનની ઈર્ષા કરતા હોય અને મિસાઇલ છોડવી મોંઘી પડે એટલે ગાય ભેંસ છોડે છે! મરેલી ભેંસ પાસેથી પાકિસ્તાની પાસપોર્ટ , ચાઈનીઝ વિઝા અને તાલિબાની સાહિત્ય, અફઘાનિસ્તાન અખરોટ અને શ્રીલંકન ઘાસ મળેલ છે. કેટલું મોટું આંતરરાષ્ટ્રીય કાવતરું છે. તમામ એજન્સીને તપાસમાં જોડવી પડશે!!

કેટલાક નાસમજ - જાહિલ, ગમાર લોકો ટ્રેનના હાલના એન્જિન અગાઉના લોખંડીકાય એન્જિનના મુકાબલે તકલાદી થઇ ગયા હોવાની રાષ્ટ્રવિરોધી દલીલોનો પતંગ હવા વિના અફવાનાં આકાશમા ચગાવે છે!! એમને શરમ નહીં આવતી હોય ??( જેણે મુકી લાજ એનું નાનું સરખું રાજ કહેવત છે. તે મુજબ તે લોકો વર્તે છે.)અગાઉના એન્જિન હર્ક્યુલિસ, ગામા પહેલવાન જવા મજબુત હતા.

એને બચકા ભરાય છે? કેટલા કદરૂપા, અનાકર્ષક, કુરૂપ હતા.ભલે ,આ એન્જિન સાથે ટ્રક, ટ્રેલર, કાર, ગાય ,ભેંસ કે ઈવન યમરાજ પાડા સાથે અથડાય તો તેનો કચ્ચરઘાણ નીકળી જતો હશે!!! એન્જિનને ખરોચ આવતી નહીં હોય. પણ ,હવે શોમેન શીપનો જમાનો છે!! દાખડા અને દેખાવનો જમાનો છે. ટ્રેન મજબુત નહી હોય તે ચલાવી લઇશું. પણ હિરોઇનને ટક્કર મારે તેવી ફટાકડી, દેખાવડી જોઇએ!!! લોખંડના સ્થાને એલ્યમિનિયમ, ફાઇબર, પ્લાસ્ટિક, કચકડું વાપરવાનાં આવે છે.એમ્બેસેડર કે સ્કૂટરની બોડી સ્ટીલની રહેતી. સાધારણ અકસ્માતમાં પતરું વળતું નહીં તો ધોબો-ગોબો પડવાની નોબત ક્યાંથી આવે?? નેનો જેવી કાર લોટ, પાણી અને લાકડાની બનેલી હોય છે. ટોટલ પ્લાસ્ટિક બોડી!! અકસ્માત થાય એટલે કાર રીપેર નહીં કરાવવાની પણ ભંગારમાં વેચી દેવાની !!

વંદે ભારત સાથે પહેલે દિવસે બે ભેંસો અથડાઈ. અકસ્માત વિજય મુહૂર્તનાં સમય ૧૨.૩૯ થયેલ ન હતો.સવારે અગિયારના સુમારે રોગ, ઉદ્વેગ કે કાળ ચોઘડિયે ભેંસો અથડાઈ. એ પણ ભવિષ્ય કથનના લેખો લખેલા છાપા વાંચતી સોરી ખાતી હશે . એટલે ચોઘડિયામાં એક્સપર્ટ થઇ હશે!! ભેંસો અથડાઈને મરી ગઈ! પણ વંદે ભારત ટ્રેનની ખટિયા ખડી કરી ગઇ.વંદે ભારત ટ્રેનના લલાટે કાળી ટીલી લગાવી ગઇ. ટ્રેનનું ફ્રન્ટ હુડ નીકળી ગયું.ટુકમાં ભેંસે ટ્રેનનું નાક વાઢી-કાપી નાંખ્યું. ટ્રેન નાક વગર બુચ્ચી થઇ ગઇ. આપણે ત્યાં નવા નાકે દિવાળી એવી કહેવત છે!! આ કહેવત વંદે ભારત ટ્રેનને અદલોઅદલ લાગુ પડી. બીજા દિવસે ગાય માતાએ આ બેલ મુજે માર નહીં પણ આ ગાય મુજસે ચિપકવાનુ ટ્રેને ઈજન આપ્યું હશે કે શું? ગાય માતા ટ્રેન સાથે અથડાઉ. અલબત, ગાયમાતા ગૌલોક સિધારી ગઇ . પરંતુ ટ્રેનના નાક પર ઘુમ્બો પડ્યો હોય તેવી દશા થઇ!!સતત ત્રીજા દિવસે ટ્રેનની બ્રેક જામ થઇ ગઇ!! લો કર લો બાત મુન્શીજી ટ્રેનમેં વજન કમ હૈ!! શાયરી ઔર ટ્રેનમાં વજન હોવા ચાહિયે. હાંઆંઆંયય!!

ક્રિકેટમાં બોલર સતત ત્રણ બોલ પર વિકેટ લે તો ક્રિકેટની પરિભાષામાં હેટ્રિક લીધી કહેવાય. બે બોલ પર વિકેટ લીધા પછી બોલર ત્રીજો બોલ નાંખવા રનઅપ પર દોડે ત્યારે સ્ટેડિયમમાં સન્નાટો,સ્તબ્ધતા,ઉત્સુકતા વધી જાય. પ્રેક્ષકો, ખેલાડી, ક્રિકેટરો, કોમેન્ટર, ટીવી જોનાર દર્શકોના શ્વાસ અધ્ધર થઇ જાય, શ્વાસ થંભી જાય. બોલર જેવો ત્રીજો બોલ નાંખે અને વિકેટ લપકી લે ત્યારે સર્વત્ર આનંદની વહેર વ્યાપી જાય. અમને પણ વંદે ભારત ટ્રેન અકસ્માતની હેટટ્રિક કરશે કે કેમ તેની ઉત્સુકતા હતી. અત્રે જણાવતા આનંદ થાય છે કે વંદે ભારતે ટ્રેનોના ઈતિહાસના તમામ રેકર્ડ ( નયા ભારતના નિર્માણનો સંકલ્પ સિધ્ધ કરવા પુરાણું ભારત તહસનહસ-ખેદાનમેદાન કરવું પડે!!) તોડી નયા કીર્તિમાન સ્થાપી રહી છે. એક પણ નામી, અનામી , બહુનામી, કે ત્સુનામી ટ્રેને સતત ત્રણ દિવસ અકસ્માત કર્યા નથી. આઝાદીના પંચોતેર વરસે જે સિધ્ધિ હાંસલ કરી શકાય નથી તેની અણમૂલ સિધ્ધિ વંદે ભારત ટ્રેને હાંસલ કરી છે!! વંદે ભારતે સતત ત્રીજા દિવસે અકસ્માત કરીને પ્રાપ્ત કરેલી સિધ્ધિ માટે રાષ્ટ્ર ગોરવ, ગર્વ અને આદર અનુભવે છે.

રાષ્ટ્રનું મસ્તિક ઉન્નત અને ગર્વિષ્ટ થયું છે. થ્રી ચિયર્સ ફોર વંદે ભારત. હિપ હિપ હુરેરે!!!

હવે આગે આગે દેખેયેં કયાં હોતા હૈ જનાબ! વંદે ભારત કયાં ગુલ ખિલાયેંગી દેખિયેં અકસ્માત કે બાદ!! વંદે ભારત ટ્રેન અકસ્માત કે પહેલે. વંદે ભારત ટ્રેન અકસ્માત કે બાદ ભી. !!!

ભરત વૈષ્ણવ
૧૭.૧૦.૨૦૨૨.#હાસ્યલેખ

# રાજકોટમાં પેપર લીક મામલે સૌ. યુનિ. ખાતે એનએસયુઆઇના કાર્યકરો દ્વારા પ્રદર્શન

### ૧૫૦ કાર્યકરે વીસીના રાજીનામાની માગ કરી, પોલીસનું ટોળા સાથે ઘર્ષણ થતાં તોડફોડ



રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સીટીમાં બીબીએ સેમેસ્ટર-૫ અન બી કોમ સેમેસ્ટર-૫ના પેપર લીક મામલે ચાર દિવસ બાદ કોઈ કાર્યવાહી ન થતાં આજે એનએસયુઆઈ દ્વારા ઉગ્ર વિરોધ નોંધાવાયો હતો. ગુજરાત પ્રદેશ એનએસયુઆઇના પ્રમુખ અને પ્રભારીની આગેવાનીમાં ૧૫૦ જેટલા કાર્યકરો અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ વિરોધ કરવા પહોંચ્યા હતા અને વીસીના રાજીનામાની માગ કરી હતી. જોકે કુલપતિ કે અન્ય કોઈ જવાબદાર સત્તાધીશ એનએસયુઆઈના આગેવાનોને મળ્યા નહોતા અને મામલો ઉગ્ર બન્યો હતો. આ દરમિયાન પોલીસ સાથે એનએસયુઆઈનું ઘર્ષણ થયું હતું અને ધક્કામુકી થતાં દરવાજાના કાચ તૂટ્યા હતા અને પોલીસે એનએસયુઆઇના આગેવાન સહિત ૧૫ જેટલા કાર્યકરોની ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી.

આ અંગે ગુજરાત એનએસયુઆઇના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ જણાવ્યું હતું કે છેલ્લા ચાર દિવસથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષામાં પેપર ફૂટ્યાની ઘટના સામે આવી છે, પરંતુ સરકાર દ્વારા કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા હજુ સુધી કોઈ પગલાં લેવામાં આવ્યાં નથી, જે સ્પષ્ટ દર્શાવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સરકારના ઈશારે કામ કરી રહી છે. અમારી એક જ માગ છે કે કુલપતિએ હવે રાજીનામું આપી દેવું જોઈએ. તેમની અધ્યક્ષતામાં કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી અને વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવે છે, તેથી જ આજે અમે લોકો અહીં ધરણાં કરવા આવ્યા છીએ અને અમારી એક જ માગ છે કે કુલપતિ રાજીનામું આપે અને વિદ્યાર્થીઓ સાથે જ અન્યાય થયો છે તો આ મામલે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે

પેપર લીક મામલે ચાર દિવસ પૂર્વે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા ભક્તિનગર પોલીસ સ્ટેશનમાં અરજી કરવામાં આવી છે. જોકે આજે ચાર દિવસ થવા છતાં કોઈ કાર્યવાહી ન થતાં આજે દર્જૈના આગેવાનો વિદ્યાર્થીઓને સાથે રાખી વિરોધ કરવા પહોંચ્યું હતું. ગુજરાત પ્રદેશ એનએસયુઆઇના પ્રમુખ નરેન્દ્ર સોલંકી અને ગુજરાતના પ્રભારી અંકુશ ભટનાગરની આગેવાનીમાં ૧૫૦થી વધુ કાર્યકર્તા સાથે ઉગ્ર વિરોધ નોંધાવામાં આવ્યો હતો. સરકાર તેમજ ફઝ વિરુધ્ધ ઉગ્ર સૂત્રોચ્ચાર કરી કુલપતિ ચેમ્બર તેમજ યુનિવર્સિટી કેમ્પસમાં સરકાર વિરોધી તેમજ કુલપતિ વિરોધનાં સૂત્રો સાથે સ્ટિકર ચિપકાવવામાં આવ્યાં હતાં.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ચાલુ પરીક્ષામાં મ્મ્છ સેમેસ્ટર ૫ અને મ્.ર્ઝ્રદ્બ સેમેસ્ટર ૫ની ૧૩ ઓક્ટોબરના રોજ લેવામાં ઓલી પરીક્ષાનું પેપર આગલા દિવસે એટલે કે ૧૨ તારીખે જ લીક થઇ જતાં રાતોરાત મ્મ્છનું નવું પેપર સેટ કરી પરીક્ષા લેવામાં આવી, જ્યારે મ્.ર્ઝ્રદ્બની પરીક્ષા રદ કરી ફરીથી લેવા નિર્ણય કરવામાં આવ્યો હતો. જોકે આ દરમિયાન મોડી રાત્રિના સમયે જ યુનિવર્સિટી દ્વારા ભક્તિનગર પોલીસ ખાતે અરજી આપી અને બપોરના સમયે પોલીસ કમિશનરે રૂબરૂમાં કુલપતિ તેમજ પરીક્ષા નિયામક મુલાકાત કરી હતી. આ સમયે ફરિયાદ નોંધી કડક કાર્યવાહીની વાતો કરવામાં આવી હતી, પરંતુ ૨૪ કલાક વીતી જવા છતાં પોલીસ ફરિયાદ થવા પામી નથી કે ન તો કોઈની સંડોવણી સામે આવી હતી. આ મુદ્દે હાલ એનએસયુઆઇ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે.

# વિપુલ ચૌધરીના સમર્થનમાં બનાસકાંઠા જિલ્લાના પેછડાલ ગામે અર્બુદા સેનાનું મહાસંમેલન યોજાયું



પાલનપુર,તા.૧૭

વિપુલ ચૌધરીના સમર્થનમાં બનાસકાંઠા જિલ્લાના પેછડાલ ગામે અર્બુદા સેનાનું મહાસંમેલન મળ્યું હતું. વિપુલ ચૌધરીની ગેરહાજરીમાં જિલ્લામાં પાંચમા સંમેલનમાં ચૌધરી સમાજના આગેવાનોએ નિર્ણય કર્યો હતો કે, ગાંધીનગર ખાતે આગામી ૩૦મી તારીખે મહાપંચાયત યોજી વિધાનસભાની ચૂંટણીનો માર્ગ નક્કી કરવામાં આવશે.

આ મહાસંમેલન અર્બુદા સેના ગુજરાતના અધ્યક્ષ વિપુલ ચૌધરીની ધરપકડના વિરોધમાં યોજવામાં આવ્યું હતું, જેમાં બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલન સમાજનું પ્રતિક પાઘડીની ઉપસ્થિતિમાં આયોજિત કરાયું હતું જેમાં ચૌધરી સમાજના બનાસકાંઠા સહિત ૪ જિલ્લાના આગેવાનો અને મહિલાઓ હાજર રહ્યા હતા. દિયોદરના કોંગ્રેસના ધારાસભ્ય શિવાભાઈ ભુરિયા, દિયોદરના આમ આદમી પાર્ટીના વિધાનસભા ઉમેદવાર ભેમાભાઈ ચૌધરી, ડીસા વિધાનસભાના આપના ઉમેદવાર રમેશ ચૌધરી સહિત અર્બુદા સેનાના આગેવાનો મોટી સંખ્યામાં અર્બુદા સેનાના મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતાં.આ સંમેલનમાં ભાજપની ગૌરવયાત્રા પર પ્રહારો કરવામાં આવ્યા હતા. વિપુલ ચૌધરીને છોડવામાં નહિ આવે તો અમે ભાજપના રાજકીય કાર્યક્રમોનો વિરોધ કરીશું તેવી અર્બુદા સેનાના બનાસકાંઠા જિલ્લા પ્રમુખ સરદાર પટેલે ચીમકી ઉચ્ચારી હતી.

ભાજપ પાસે બનાસકાંઠા જિલ્લામાં અત્યારે નવમાંથી માત્ર બે જ સીટો છે અને અન્ય પાંચ સીટો કોંગ્રેસ પાસે છે. ત્યારે બનાસકાંઠાની પાંચ સીટો પર અર્બુદા સેના અસર કરી શકે છે. અર્બુદા સેના આવનારી વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ માટે માથાનો દુખાવો સાબિત થઈ શકે છે.આગામી ૩૦ તારીખે ગાંધીનગર ખાતે મહાપંચાયત યોજાવવાનું ડીસાના પેછડાલ ગામે યોજાયેલ અર્બુદા સેનાના મહાસંમેલનમાં આહવાન કરવામાં આવ્યું છે. મહાપંચાયતમા ગુજરાતમાંથી ૨ લાખ લોકો હાજરી આપશે. ૨૦૨૨ની વિધાનસભાની રાહ મહાપંચાયતમા નક્કી કરાશે. જો કે, મળેલ આ મહાસંમેલનમાં મોગજીભાઈ ચૌધરીએ નિવેદન આપ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી અમારી દિવાળી બગાડશે તો એમની દેવ દિવાળી બગડશે તે નક્કી છે.તો બીજી તરફ રમેશ પટેલ કે જેઓ ડીસા વિધાનસભાના આમ આદમી પાર્ટીના ઉમેદવાર છે તેમણે પણ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ૨૦મી તારીખે મુકેલ બેલ ઉપર વિપુલ ચૌધરીને મુક્ત કરાવવા માટે નિર્ણય કરવામાં આવશે. આ સાથે જ, ભારતીય જનતા પાર્ટીના ગરબા ૪૫ દિવસમાં ઘરે આવે તેવું પણ તેમણે નિવેદન આપ્યું હતું.



# કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી રાજકોટ ખાતે સાત જિલ્લાની કરેલી સમિક્ષા

રાજકોટ તા.૧૬ ઓક્ટોબર – ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ની તૈયારીને અનુલક્ષીને કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આજરોજ રાજકોટ ખાતે સાત જિલ્લાની સર્વગ્રાહી સમિક્ષા કરાઇ હતી. આજરોજ રાજકોટ ખાતે આવેલ કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી હીદેશકુમાર, પ્રિન્સિપલ સેક્રેટરી એસ.બી.જોશી તથા ગુજરાત રાજ્યના મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી પી.ભારતીએ વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ અંગે થયેલી તૈયારીની સમિક્ષા બેઠક યોજી હતી. જેમાં વિધાનસભાની સામાન્ય ચુંટણી સંદર્ભે વિવિધ પાસાઓ અંગે વિસ્તૃત માહિતી ઉપસ્થિત સંબંધીત જિલ્લાઓના કલેકટરશ્રીઓ અને પોલીસ અધિક્ષકો દ્વારા રજુ કરાઇ હતી. આ તકે કેન્દ્રીય ચૂંટણી પંચના નાયબ ચૂંટણી કમિશ્નરશ્રી હીદેશકુમારે ઉપસ્થિત સૌ અધિકારીઓને ચુંટણીલક્ષી માર્ગદર્શક સુચનો કર્યા હતા. બેઠકની શરૂઆતમાં જિલ્લા કલેકટરશ્રી અરૂણ મહેશ બાબુએ અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એસ.જે.ખાચરે ચૂંટણીપંચના સભ્યશ્રીઓ તેમજ અન્ય જિલ્લા કલેકટરશ્રીઓ અને પોલીસ અધિક્ષકશ્રીઓને આવકાર્યા હતા.

આ બેઠકમાં રાજકોટ કલેકટરશ્રી અરૂણ મહેશ બાબુ, જામનગર કલેકટરશ્રી સૌરભ પારધી, મોરબી કલેકટરશ્રી જી.ટી.પંડ્યા, દેવભૂમિ દ્વારકા કલેકટરશ્રી મુકેશ પંડ્યા, બોટાદ કલેકટરશ્રી બીજલ શાહ, સુરેન્દ્રનગર કલેકટરશ્રી કે.સી.સંપટ અને કચ્છ જિલ્લાના કલેકટરશ્રી દિલીપ રાણા તેમજ રાજકોટ પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ, રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષકશ્રી જયપાલસિંહ રાઠોર, જામનગર પોલીસ અધિક્ષકશ્રી પ્રેમસુખ ડેલું, સુરેન્દ્રનગર પોલીસ અધિક્ષકશ્રી હરેશભાઈ દુધાત, મોરબી પોલીસ અધિક્ષકશ્રી રાહુલ ત્રિપાઠી, કચ્છ પશ્ચિમ પોલીસ અધિક્ષકશ્રી સૌરભ સિંધ, કચ્છ પૂર્વ પોલીસ અધિક્ષકશ્રી મહેન્દ્ર બગડીયા, બોટાદ પોલીસ અધિક્ષકશ્રી કિશોરભાઈ બળોલિયા, દેવભૂમિ દ્વારકા પોલીસ અધિક્ષકશ્રી નિતેશ પાંડેય ઉપસ્થિત રહ્યા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ

: NOG SS No.73
વિષય.સુગંધ
વિભાગ..ગદ્ય
શીર્ષક..મહેક
માઈક્રોફિક્શન.

સરલા ગુસ્સામાં ગુસ્સામાં ઉપરની મેડીએ જ્યા બાપુજી રહેતા હતા ત્યાં બબળતી બબળતી ગઈ કે આજે તો તમારા બાપા ના બધા પુસ્તકો વેચી દવ

એમણે મિલકતમાં કંઈજ .મૂક્યું નથી જે કાંઈ માસ્તરની નોકરીમાં કમાયા એ બધું આ થોથા લખવામાં પૂરું કર્યું બાકી હોય તે લોકોને ધર્યું તમારી માટે શું રાખ્યું,રાજીવ ગુસ્સે થઈ બોલ્યો ખબરદાર મારા બાપુજીની એકપણ ચોપડીને અડી છે તો..ભલે એમણે મિલકત નથી કમાઈ પણ એમના વ્યક્તિત્વ ની મહેક હજુય આખા ગામમાં છે,એક શિક્ષક અને લેખક તરીકે જગતને કઈ આપવાનું હોય,એમણે એજ કર્યું એમના પુસ્તકો અને બાળકોને મફત શિક્ષણ આપી એમણે એમના મૃત્યુ ને પણ સુગંધી દાર બનાવ્યું છે,એ તને નહીં સમજાય...

નયના પટેલ.નૈંન.

---

NOG SS No : 0002
વિષય- દીવા સ્વપ્ન
શબ્દ- ૧૨૭
વિભાગ - પદ્ય
શીર્ષક- મારું સમણું

મારું સમણું
આજ પરોઢિયે ઊગતાં પહોરે એક સમણું મેં દીઠું હતું ...
એમાં ,
પંખીઓનો કલરવ હતો,
કોયલનો ટહુકાર હતો,
સુમનની સુંદરતા હતી,
આંખ બીડેલું નવજાત પારેવડું ટાઢમાં થરથર ધ્રુજતું હતું......
મેં એ સમણામાં દીઠું હતું.......
આજ પરોઢિયે........
એમાં,
પ્રકૃતિનું અનુપમ સૌદર્ય હતું,
સરિતાનો ધસમસતો પ્રવાહ હતો,
ઘોડે ચઢીને કેસરી સૂરજની સવારી આવી હતી,
શુકનવંતી બારીમાં જાણે ગ્રહનક્ષત્રનું ટોળુ હતું.....
મેં એ સમણામાં દીઠું હતું....
આજ પરોઢિયે .......
એમાં
ગીતા હતી જેમાં કુરાન હતી,
મંદિરનો ઘંટનાદ હતો,
મસ્જિદની અજાન એ હતી,
કુદરતનાં ખોળે મારું મનડું પુલકિત થાતું હતું
મેં એ સમણામાં દીઠું હતું..
આજ પરોઢિયે.....
એમાં,
ફુલોની ફોરમ હતી,
મધુકરની ગુંજન હતી,
માટીની ભીની મહેક હતી,
લીલુડીધરતીનું જાણે કેવું અલૌકિક રૂપ હતું.
મેં એ સમણામાં જોયું હતું....
આજ પરોઢિયે ઊગતાં પહોરે સમણું મેં તો દીઠું હતું....

જીજ્ઞા કપુરિયા "નિયતી"

---

NOG SS No : 126
પ્રકાર : પદ્ય
શિર્ષક : દિવાસ્વપ્ર

જીવન એક સાચું,દિવાસ્વપ્ર છે બસ,
અને ફળ છે પાકું ,દિવાસ્વપ્ર છે બસ.
મનન છે સદા જેનું એ કલ્પના માં,
ખરેખર છે કાચું ,દિવાસ્વપ્ર છે બસ.
થઈ નિત એ નૂતન, ઉભરતા જ ભાવો,
પછી મનમાં પાછું , દિવાસ્વપ્ર છે બસ.
પ્રગટતા જ સૂરજ, થયો છે પ્રકાશિત ,
હું પણ કાંતુ આછું ,દિવાસ્વપ્ર છે બસ.
બધી આંખમાં છે, એ રંગીન સપના,
ખરૂં છે એ ઝાઝું , દિવાસ્વપ્ર છે બસ.
સદા શોધતાં મન, ઉદાસીન રહેતું
હું આનંદ આખું ,દિવાસ્વપ્ર છે બસ.

મોહનભાઈ " આનંદ "
વડોદરા



મારુંસાચુંમોતી
એકઅનોખીરાતહતી,
એકવણઝારાનીવાતહતી.
દૂર દેશાવરથી આવ્યો‘તો,
અણમોલા મોતી લાવ્યો‘તો.
એના રંગોમાં મન મોહ્યું‘તું,
એના નયણામાં દિલ ખોયું‘તું.
એની નજરું મુજને જોતી‘તી,
એના સંચારે સૂધ ખોતી‘તી.
સાવ સુંવાળો હાથ ગ્રહી,
એણે મોતી મૂક્યું હાથ મહીં.
મેં મોતી લઈ સત્કાર કરી,
મારી ઈચ્છાને સાકાર કરી.
એણે એની રીતે પ્રેમ કર્યો,
મેં મોતી ઉપર મ્હેલ કર્યો,
મારા સો ટચ સાચા સોનાથી,
એ વણઝારાને પ્રેમ કર્યો.
મેમાન બનીને આવ્યો’તો,
અસ્થાયી રંગો લાવ્યો’તો.
અલગારી મસ્ત મુસાફરને,
હૃદયે રાખી ને વિદાય કર્યો.

-------સરયૂપરીખ
સરયૂપરીખ Austin. Texas.

# ડેઈલી માર્કેટ રિપોર્ટ

# સોના-ચાંદીના વાયદાના ભાવમાં વૃદ્ધિઃ ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો

## કોટનમાં સુધારોઃ મેન્થા તેલમાં નરમાઈઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૯૩૩૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૦૯૬૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૩૪ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૪૦,૯૭૯ સોદાઓમાં કુલ રૂ.૨૦,૩૩૯.૮૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૯૩૩૯.૩૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૦૯૬૬.૧૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૭,૨૬૮ સોદાઓમાં કુલ રૂ.૪,૭૦૭.૪૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૩૮૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૬૩૦ અને નીચામાં રૂ.૫૦,૩૩૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૯૦ વધી રૂ.૫૦,૫૫૦ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૭૭ વધી રૂ.૪૦,૨૨૩ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૯ વધી રૂ.૫,૦૦૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૧૬૯ના ભાવે ખૂલી, રૂ.૨૩૦ વધી રૂ.૫૦,૨૯૭ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૬૯૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૨૨૪ અને નીચામાં રૂ.૫૫,૫૫૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૭૮૨ વધી રૂ.૫૬,૦૦૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭૩૨ વધી રૂ.૫૬,૫૨૪ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭૨૭ વધી રૂ.૫૬,૬૨૨ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૬,૮૭૫ સોદાઓમાં રૂ.૨,૫૩૪.૬૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૫૫ ઘટી રૂ.૧૯૯.૬૫ અને જસત ઓક્ટોબર વાયદો રૂ.૨.૮૦ ઘટી રૂ.૨૬૭ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૪.૩૦ વધી રૂ.૬૫૪.૩૦ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૦.૭૦ ઘટી રૂ.૧૮૧ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૭,૧૫૩ સોદાઓમાં કુલ રૂ.૨,૦૬૨.૯૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓક્ટોબર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૦૮૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૧૬૪ અને નીચામાં રૂ.૭,૦૨૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૩ ઘટી રૂ.૭,૦૫૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૪.૮૦ ઘટી રૂ.૫૦૯.૨૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૯૫ સોદાઓમાં રૂ.૩૪.૨૮ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓક્ટોબર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૭૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩,૨૩૦ અને નીચામાં રૂ.૩૨,૦૧૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫૫૦ વધી રૂ.૩૩,૧૦૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૨૦ ઘટી રૂ.૯૮૩.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૫૪.૬૮ કરોડનાં ૪,૪૬૬.૫૧૦ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૪૫૨.૭૮ કરોડનાં ૪૩૬.૪૨૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૩૭.૬૨ કરોડનાં ૧૧,૮૪,૫૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૨૨૫ કરોડનાં ૨૩૫૭૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૧૮.૪૪ કરોડનાં ૫૮૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૫.૮૪ કરોડનાં ૧૬૦.૨ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૭૯૪.૨૪૨ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૧૫૧.૨૭૨ ટન, ક્રૂડ તેલમાં ૭૦૩૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૫૦૩૩૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૬૪૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૬૦૦.૮૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૪.૨૮ કરોડનાં ૪૯૫ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૮૨૧ના સ્તરે ખૂલી, ૯૬ પોઈન્ટ વધી ૧૩,૮૭૨ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૦,૯૬૬.૧૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૧૧.૨૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૫૬.૮૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૪૭૭.૫૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૮૧૭.૯૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૪૭.૩૧ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૨૦.૩૦ અને નીચામાં રૂ.૩ રહી, અંતે રૂ.૧૯.૧૦ ઘટી રૂ.૫.૭૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩.૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૩.૯૫ અને નીચામાં રૂ.૮.૪૦ રહી, અંતે રૂ.૯.૧૫ ઘટી રૂ.૯ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૧૯.૫૦ અને નીચામાં રૂ.૧૩ રહી, અંતે કોઈ ફેરફાર વગર રૂ.૧૬.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૭૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૯૪૦ અને નીચામાં રૂ.૧,૬૪૯ રહી, અંતે રૂ.૨૪૫ વધી રૂ.૧,૮૬૩ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૧ ખૂલી, ઊપરમાં રૂ.૨૭૫ અને નીચામાં રૂ.૧૫૧ રહી, અંતે રૂ.૧૭.૫૦ વધી રૂ.૨૨૩.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ઓક્ટોબર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૪૦.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૮.૯૦ અને નીચામાં રૂ.૧૫.૪૦ રહી, અંતે રૂ.૨૬.૩૦ ઘટી રૂ.૩૯.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૨.૯૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૯ અને નીચામાં રૂ.૧૨.૮૫ રહી, અંતે રૂ.૮ વધી રૂ.૧૮.૨૦ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૪૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૪૩ ખૂલી, ઊપરમાં રૂ.૩૫૦ અને નીચામાં રૂ.૨૬૦ રહી, અંતે રૂ.૧૧૧ ઘટી રૂ.૨૭૯.૫૦ થયો હતો.

ચાંદી નવેમ્બર રૂ.૬૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫,૫૩૫ ખૂલી, ઊપરમાં રૂ.૫,૫૪૯.૫૦ અને નીચામાં રૂ.૫,૪૭૫ રહી, અંતે રૂ.૨૮૭ ઘટી રૂ.૫,૪૭૭.૫૦ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૦૦ અને નીચામાં રૂ.૨૪૩ રહી, અંતે રૂ.૫૪.૫૦ ઘટી રૂ.૨૭૧ થયો હતો.

# અમદાવાદ-ગાંધીનગર આહીર સમાજ દ્વારા “થનગનાટ-૨૦૨૨” વાર્ષિક રસોત્સવ યોજાયો

## ૫૦૦૦થી પણ વધારે આહીર સમાજ ભાઈઓ અને બહેનોએ રાસ-ગરબા મહોત્સવમાં ભાગ લીધો.







અમદાવાદ,

અમદાવાદ-ગાંધીનગર આહીર સમાજ દ્વારા તારીખ ૧૫.૧૦.૨૦૨૨ને શનિવારના રોજ ગણેશા પાર્ટી પ્લોટ, ગાંધીનગર ખાતે રાત્રે ભવ્ય વાર્ષિક રાસ-ગરબા મહોત્સવ “થનગનાટ-૨૦૨૨” નું આયોજન કરવામાં આવ્યું હતું.

શરદ પૂનમની પરંપરાગત ઉજવણીના ભાગરૂપે આ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગાંધીનગર ખાતે ૫૦૦૦થી પણ વધારે સંખ્યામાં આહીર સમાજના ભાઈઓ અને બહેનો ભાતીગળ અને પારંપારિક પરિધાન સાથે ઉપસ્થિત રહ્યા હતા મન મૂકીને ગરબા રમ્યા હતા.

આ મહોત્સવમાં નામાંકિત ગાયક કલાકાર બાબુ આહીર (કચ્છ), નિલેષ ગઢવી, તૃપ્તિ ગઢવી, જશુ આહીર, રાજુ આહીર વગેરે ગરબાના તાલે ખેલૈયાઓને રાસ રમાડયા હતા. સાથે મુખ્ય મહેમાનમાં સુપ્રસિદ્ધ લોકસાહિત્યકાર માયાભાઈ (માયાઆતા) આહીર તેમજ અમદાવાદ-ગાંધીનગર શહેરમાં વસતા ઉચ્ચ સરકારી અધિકારીઓ, સમગ્ર સરકારી કર્મચારી ગણ, આહીર સમાજના ડી.વાય.એસપી, પીઆઇ, પીએસઆઇ તેમજ સમગ્ર પોલીસ પરિવાર સાથે ડોક્ટરો, પ્રોફેસરો, શિક્ષકો પદાધિકારીઓ અને દાતાશ્રીઓ વગેરેએ હાજરી આપી હતી.

આ આયોજનને સફળ બનાવવા માટે શ્રી અમદાવાદ-ગાંધીનગર આહીર સમાજના પ્રમુખશ્રી ભીમશીભાઈ ખોડભાયા (ભીમશી આહીર) તેમજ તેમની સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી.

# ગુજરાતમાં ઉજ્જ્વલા યોજનાના લાભાર્થીઓને વર્ષના ૨ સિલિન્ડર ફ્રી, સીએનજી પીએનજીના વેટમાં ૧૦ ટકાનો ઘટાડો

અમદાવાદ

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી પહેલાં જ રાજ્ય સરકારે મોટી જાહેરાત કરી છે. રાજ્ય સરકારે પીએમ ઉજ્જ્વલા યોજનાના લાભાર્થીઓને વર્ષનાં બે સિલિન્ડર મફતમાં આપવાની જાહેરાત કરી છે. એ ઉપરાંત ઝ્દ્રય વાહનધારકોને પણ સરકારે ખુશ કર્યા છે. સરકારે સીએનજી અને પીએનજીના વેટમાં ૧૦ ટકાનો ઘટાડો કર્યો છે. હવે સીએનજીમાં વેટમાં ઘટાડો થવાથી ગ્રાહકોને ૬થી ૮ રૂપિયા જેટલો ફાયદો થશે, જ્યારે પીએનજીમાં ગ્રાહકોને પાંચથી ૭ રૂપિયા જેટલો ફાયદો થશે. સીએનજી અને પીએનજીમાં રાહત આપવાથી સરકારને ૩૦૦ કરોડનો બોજો પડશે. એ ઉપરાંત એલપીજીમાં પણ રાહતથી સરકારને હવે કુલ ૧૬૫૦ કરોડનો બોજો પડશે. સરકારની જાહેરાતથી ૩૮ લાખ એલપીજી ધારકોને ફાયદો થશે.

રાજ્ય સરકારના મંત્રી જિતુ વાઘાણીએ જણાવ્યું હતું કે નાગરિકો અને ગૃહિણીઓને એક હજાર કરોડ રૂપિયા જેવી રાહત મળવાની છે, સાથે જ વર્ષમાં બે સિલિન્ડર ફ્રી આપવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવ્યો છે. ૩૮ લાખ જેટલી ગૃહિણીઓને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. એ હેઠળ ૬૫૦ કરોડ રૂપિયાની રાહત એટલે કે ૧૭૦૦ કરોડ રૂપિયા સુધીની રાહત સુધી જ જનતાના ઘરમાં કે ખિસ્સા સુધી પહોંચી શકે એવો નિર્ણય લેવામાં આવ્યો છે. વેટમાં રાજ્ય સરકારે ૧૦ ટકાનો ઘટાડો કર્યો છે. આ નિર્ણયથી ગૃહિણી અને વાહનચાલકોને સીધો લાભ મળશે.

રાજ્ય સરકાર ખેડૂતોને થયેલા નુકસાન સામે રાહત પેકેજની જાહેરાત કરી શકે છે. ૬૦૦ કરોડથી વધુના રાહત પેકેજની જાહેરાત કરવામાં આવશે. જુલાઈ બાદ રાજ્યમાં ભારે વરસાદથી નુકસાન થયું હતું એ મામલે રાહત પેકેજ જાહેર કરી શકે છે. ૧૧ જિલ્લામાં નુકસાનીના સર્વે બાદ આવેલા આંકડા પ્રમાણે રાહત પેકેજ જાહેર કરાશે. ખાસ કરીને સૌરાષ્ટ્ર, કચ્છ અને સાઉથ ગુજરાત ઝોનમાં સૌથી વધારે નુકસાન થયું છે. એના માટેની સર્વેની કામગીરી ચાલી રહી હતી, જે પૂર્ણ થઇ ગઇ છે. હવે રાજ્ય સરકાર દ્વારા રાહત પેકેજ જાહેર કરવામાં આવી શકે છે.

આજે પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ૧૨મો હપતો જાહેર કર્યો છે.

દેશભરના ૮ કરોડ ખેડૂતોના ખાતામાં ૨ હજાર રૂપિયા જમા થયા છે. આ વખતે કેન્દ્ર સરકારે ૧૨મા હપતા માટે ૧૬ હજાર કરોડ રૂપિયા ખર્ચ કર્યો છે.

# નિવૃત થતાં કર્મચારીઓને પેન્શન પેમેન્ટ ઓર્ડર મેળવવામાં ખુબજ તકલીફ પડે છે

પંચમહાલ,

ખાસ કરીને ખાનગી કંપનીઓમાં નોકરી કરતાં કર્મચારીઓ જ્યારે નિવૃત્ત થાય છે, ત્યારે જે તે સંસ્થાના પર્સોનેલ અને એડમીનીસ્ટ્રેશન વિભાગ દ્વારા જરુરી કાર્યવાહી કરીને Employee Provident Fund Organization (EPFO) કચેરીને મોકલી આપે છે અને એ દસ્તાવેજોના આધારે પી.એફ.કચેરી દ્વારા નિવૃતિ બાદના પેન્શનની ગણતરી કરીને ઁension Payment Order (PPO) તૈયાર કરે છે અને એક નકલ જે તે કર્મચારીના ઘરનાં સરનામે કે સંસ્થામાં મોકલવાને બદલે વડોદરા સ્થિત સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની માંડવી શાખામાં પીપીઓની બન્ને નકલ મોકલી આપે છે અને પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ જાય છે.બીજી તરફ માંડવી શાખા દ્વારા સ્ટેટ બેંકની લાગુ પડતી અન્ય શાખાઓમાં સમયસર પેન્શન પેમેન્ટ ઑર્ડરની નકલ મોકલવામાં આવતી નથી, આ કારણે કર્મચારીઓને પેન્શન પેમેન્ટ ઑર્ડરની નકલ મેળવવા માટે અહીં તહીંના ધરમધકકા થાય છે, પરંતુ પી.એફ.કચેરીના ઉચ્ચ અધિકારીઓ કે સ્ટેટ બેંકની માંડવી શાખાના બ્રાન્ચ મેનેજરોના પેટનું પાણી હાલતું જ નથી. આમ પી.એફ.કચેરી, વડોદરા તથા માંડવી શાખાના ગજગ્રાહ અને આડોડાઈને કારણે નિર્દોષ કર્મચારીઓને આંટાફેરા કરવા પડે છે. પી.એફ.કચેરીના અમલદારો કોઈ પણ પ્રકારના પત્ર વ્યવહારનો વ્યાજબી જવાબ આપતાં નથી. આ બાબત ઉપર ઁ હ્લ ઁકકૈષ્ઠી જરુરી વિચારણા કરીને પેન્શન પેમેન્ટ ઑર્ડરની એક નકલ નિવૃત્ત થયેલા કર્મચારીઓનાં ઘરે મોકલી આપે તો ઝડપથી પીપીઓની નકલ કર્મચારીઓને ઘરબેઠા મળી શકે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ:૩૮૯૩૫૦,
જી.પંચમહાલ

# PM મોદી રાજકોટ, મોરબી જિલ્લા તથા અન્ય જિલ્લાના ? ૭૭૧૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

- **રાજકોટમાં ૪૩૦૯ કરોડ જ્યારે મોરબીમાં ? ૨૭૩૮ કરોડના તથા ૬૬૩ કરોડના અન્ય જિલ્લાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત**
- **રાજકોટના ગઢકામાં ૧૧૯ એકરમાં ૨૦ લાખ લિટર પ્રતિ દિવસની ક્ષમતાવાળા અમુલના પ્લાન્ટનું ખાતમુહૂર્ત**
- **મોરબીમાં, મેડીકલ કોલેજ, ફોરલેન રોડ, રેલવે ઓવરબ્રિજ, નવી જિલ્લા કોર્ટ કચેરી સહિતના વિકાસકાર્યો**
- **રાજકોટમાં લાઇટ હાઉસ પ્રોજેક્ટ, સાયન્સ મ્યુઝિયમ, રોડ રસ્તા, બ્રિજ, જીઆઇડીસી, રેલવે અને ગતિશક્તિ ટર્મિનલ સહિતના વિકાસકાર્યોની ભેટ**

૧૭ ઓક્ટોબર, ૨૦૨૨, ગાંધીનગરઃ ૧૯ ઓક્ટોબર ૨૦૨૨ના દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ અને મોરબી તથા અન્ય જિલ્લામાં ? ૭૭૧૦ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. રાજકોટ જિલ્લાને અમુલ પ્લાન્ટ સહિત કુલ ? ૪૩૦૯ કરોડના વિવિધ વિકાસકાર્યોની ભેટ મળશે, જ્યારે મોરબી જિલ્લામાં વડાપ્રધાન ૨૭૩૮ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને જાહેરાત કરશે. તેમજ અન્ય જીલ્લાના ૬૬૩ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને જાહેરાત કરશે. છેલ્લા એક વર્ષમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ઉદ્યોગો માટે સાનુકૂળ વાતાવરણ બનાવવા માટે મહત્વપૂર્ણ નિર્ણયો કર્યા છે અને વિવિધ ક્ષેત્રે સુવિધાઓ વિકસિત કરવા માટે જરૂરી આધાર નિર્માણ કર્યો છે. તેના લીધે ગુજરાતની વિકાસયાત્રા અવિરતપણે ચાલી રહી છે.રાજકોટમાં જે વિકાસકાર્યોનું લોકાર્પણ થવાનું છે તે આ પ્રમાણે છેઃ લાઇટ હાઉસ પ્રોજેક્ટ, હોસ્પિટલ ચોક બ્રિજ, રામાપીર ચોકડી બ્રિજ, નાનામવા બ્રિજ, સાયન્સ મ્યૂઝિયમ, મેજર બ્રિજ સાથેનો ૪-લેન પરાપીપળીયા રોડ , આરએમસી બાઉન્ડ્રી(જામનગર રોડ) થી છૈંસ્જી સુધીનો ૬-લેન ડીપી રોડ અને. લોકાર્પણ કાર્યો કુલ ૩૩૬ કરોડના ખર્ચે બનાવવામાં આવ્યા છે. તે સિવાય વિવિધ કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે, જેમાં આ કાર્યોનો સમાવેશ થાય છેઃ જેતપુર-ગોંડલ-રાજકોટ ૬ લેનના રોડને પહોળો કરવામાં આવશે. ગઢકા ખાતે અમુલનો પ્લાન્ટ, GIDC (નાગલપર, ખીરસરા-૨, પીપરડી, તથા અન્ય જીઆઈડીસીઓ), રેલવેમાં પેસેન્જર સુવિધાઓ, ગોંડલ અને મચ્છુ-૧ની રિમોડલીંગ વોટર સપ્લાય સ્કીમ, રાજકોટ શહેરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નિર્મલા રોડ પર ફાયર સ્ટેશન, ભીમનગર બ્રિજ મોટા મવા બ્રિજને પહોળો કરવાની કામગીરી, ભાદર નદી પર એપ્રોન અને બન્ને તરફ સુરક્ષાની કામગીરી, કુંઢેચ ચેકડેમ પર રિપેર અને સુરક્ષાની કામગીરી અને વડલા ચેકડેમ નિર્માણ, મોવિયા-શિવરાજગઢ રોડ અને ખાંભલા-વાજડી-વેજાગામ રોડ સહિતના તેમજ અન્ય કાર્યો સામેલ છે. કુલ ?૫૭૬૨ કરોડના કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે.

રાજકોટમાં રેલવે સહિત પંચાયત, સહકાર, સ્વાસ્થ્ય અને રોડને લગતા વિવિધ ? ૬૪૯ કરોડના વિકાસકાર્યોની જાહેરાત કરવામાં આવશે. જેમાં રેલવેમાં રાજકોટ-જામનગર સ્ટેશન રિડેવલપમેન્ટ, મકાનસર ગતિ શક્તિ ટર્મિનલની જાહેરાત થશે. તે સિવાય ગોંડલમાં ટેક્નોલોજી હબ સેન્ટર, રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં વિવિધ રોડનો વિકાસ, ગોમતા-નિલખા-ભાદર ડેમ રોડ પહોળો કરવાની કામગીરી, લિલખા-દેવલા-સુલતાનપુર રોડને પહોળો કરવાની કામગીરી, રંગપર પાસે નદી પરના પુલનું પુનઃનિર્માણ, રાજકોટમાં ચિલિંગ અને ઓટોમેશન ડેરી પ્લાન્ટનું વિસ્તરણ તેમજ વિસામણ અને ભરૂડીમાં ૬૬ કેવી સબસ્ટેશનનો સમાવેશ થાય છે. તે સિવાય ઢેબર હોસ્પિટલનું ભૂમિપૂજન કરવામાં આવશે. મોરબીમાં મેડીકલ કોલેજ, મોરબી-હળવદ રોડ તથા મોરબી-જેતપર રોડને ચાર લેન કરવાની કામગીરી, નવી જિલ્લા કોર્ટ બિલ્ડિંગ, સરકારી ક્વાર્ટર અને ઓફિસર્સ રહેણાકો તેમજ ટંકારામાં નવી કોર્ટ બિલ્ડિંગનું નિર્માણ કરવાના કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. તે સિવાય વાંકાનેર-નવલખી રેલવે લાઇન પર રેલવે ઓવરબ્રિજ નિર્માણની જાહેરાત કરવામાં આવશે.

લાભાર્થીઓને સસ્તા દરે, મજબૂત અને ગુણવત્તાસભર આવાસ મળે તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં વિશ્વના છ દેશોની બાંધકામ ટેક્નોલોજીને પસંદ કરવામાં આવી છે. રાજકોટમાં આ અદ્યતન ટેક્નોલોજીની મદદથી આવાસનું નિર્માણકાર્ય ચાલી રહ્યું છે. તે સંદર્ભે રાજકોટના શાસ્ત્રી મેદાનમાં ૧૯ થી ૨૧ ઓક્ટોબર દરમિયાન અર્બન હાઉસિંગ કોન્ક્લેવ યોજાશે. આ કોન્ક્લેવમાં વિશ્વભરના ટેક્નોલોજી પ્રદાતાઓ, અન્ય રાજ્યોના શહેરી વિકાસ મંત્રી, સચિવો તેમજ અધિકારીઓ ,કોન્ટ્રાક્ટર્સ, શૈક્ષણિક સંસ્થાઓ, આર્કિટેક્ટ, સ્થાનિક કારીગરો અને અન્ય પ્રોફેશનલ્સ સામેલ થશે. અહીં બાંધકામને લગતી ટેક્નોલોજી વિશેની માહિતી, તેના પ્રશ્નો અંગે ચર્ચા અને અન્ય બાબતો વિશે સંવાદ કરવામાં આવશે. સ્થાનિક લોકો પણ અહીં ટેક્નોલોજીને લગતું પ્રદર્શન નિહાળી શકશે.

**આજરોજ ૧૬ મી ઓક્ટોબર રવિવારના દિવસે દિવાળી નિમિતે ,**

# સાથી હાથ બઢાના ફાઉન્ડેશન દ્વારા દિવાળી નિમિત્તે એક સેવાકીય પ્રવૃત્તિ નું આયોજન કરવામાં આવ્યું હતું



૧૫૦ પરિવારોમાં એક મહિનો ચાલે તેટલી અનાજ કરિયાણાની રાશન કીટ, મીઠાઈ તેમજ ચવાણાનું વિતરણ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં ૧૦૦ પરિવારો નેત્રહીન અને ૫૦ અન્ય જરૂરિયાતવાળા પરિવારો હતા. સૌ લાભાર્થી ઓ ને કાર્યક્રમ સ્થળે લાવવા લઈ જવા માટે બસ ની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવી હતી.

શાહીબાગ તેરાપંથ ભવન ખાતે બપોરે ૨ થી ૪ મા યોજાયેલા આ કાર્યક્રમમા સથી હાથ બઢાના સંસ્થાના સ્થાપક સભ્યો કમલેશ બાબેલ, મીરા શાહ , કમલ જૈન સાથે સૌ કાર્યકરો અને લાયન્સ કલબ ઓફ વાયબ્રન્ટ ની ટિમ ના સૌ સભ્યો મોટી સંખ્યા મા હાજર રહયા હતા.

મુખ્ય મહેમાન તરીકે લાયન્સ કલબ ના ભૂતપૂર્વ ડિસ્ટ્રિક્ટ ગવર્નર ભરત મોદી તથા અતિથિ વિશેષ તરીકે તેરાપંથી સભા ના અધ્યક્ષ શ્રી કાંતિલાલજી ચોરડીયા અને તેરપંથ યુવક પરિષદ ના અધ્યક્ષ અરવિંદજી સંકલેચા હાજર રહયા હતા.

# ગુજરાતના કુખ્યાત બુટલેગર વિનોદ સિંધીની આખરે ધરપકડ

અમદાવાદ,તા.૧૭

ગુજરાતના કુખ્યાત બુટલેગર વિનોદ સિંધીની ધરપકડ કરવામાં આવી છે. આ બુટલેગર દૂબઈથી ઝડપાયો છે. ગુજરાતમાં રાજસ્થાનથી લઈ હરિયાણાથી દારૂ સપ્લાય કરતો હતો. મહત્વનું છે કે, વિનોદ સિંધી સામે પોલીસે રેડકોર્નર નોટિસ જાહેર કરી હતી. તે સમગ્ર રાજ્યમાં કોર્પોરેટ કંપનીની જેમ દારૂનો ધંધો કરતો હતો. ગુજરાતના ઈતિહાસમાં પહેલી વખત કોઈ બુટલેગર સામે રેડ કોર્નર નોટિસ ઈસ્યૂ કરાવી હોય તેવો આ પહેલો દાખલો હતો.

વિજિલન્સે વિનોદની તપાસ હાથ ધરતા તે દુબઈ (Dubai) ભાગી ગયો હતો.ગુજરાતમાં છેલ્લા બે દાયકાથી દારૂનો વેપાર કરતાં વિનોદ સિંધીને પકડવા માટે વિજિલન્સની ટીમ આકાશ-પાતાળ એક કરી રહી હતી.

ત્યારે એના પાસપોર્ટ નંબરની વિગત પોલીસને મળી અને ખબર પડી કે વિનોદ સિંધી ધરપકડના ડરે ભારત જ છોડીને દુબઈ જતો રહ્યો છે.

# આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક મોટા માર્જિનથી જીતવા ભાજપાની કવાયત

ગાંધીનગર ,

ગાંધીનગર મહાનગર ભાજપા મીડિયા વિભાગની અખબારી યાદી જણાવે છે કે, તા.૧૬ ઓક્ટોબર, રવિવારે ભૈરવનાથ પાર્ટી પ્લોટ રાયસણ ખાતે આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને ગાંધીનગર દક્ષિણ વિધાનસભા વિસ્તારમાં આગામી સંગઠનાત્મક કાર્યક્રમો અંતર્ગત વિધાનસભા સીટના વ્યવસ્થાપક કમિટીના સભ્યો સાથે અગત્યની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠકના પ્રભારી શ્રીમતી જયશ્રીબેન પટેલ, મહાનગર ભાજપા અધ્યક્ષશ્રી ઋચિર ભટ્ટ, મેયરશ્રી હિતેશભાઈ મકવાણા, રાજસ્થાનથી પધારેલ પ્રવાસી કાર્યકર્તા ડેૅ. મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ, સ્ટૅ. કમિટી ચેરમેન જસવંતભાઈ પટેલ, મહામંત્રીશ્રીઓ,

મહાનગર ભાજપા સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, વ્યવસ્થા ટીમના સભ્યો, બુથ સંગઠનના પદાધિકારીઓ સહિત અપેક્ષિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઉપરોક્ત બેઠકમાં ગાંધીનગર દક્ષિણ વિધાનસભા બેઠક મોટા અંતર થી જીતવા માટે સુનિયોજિત સંગઠન વ્યવસ્થા સાથે સૌ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓને વિવિધ મુદ્દે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૨૭ વર્ષમાં ભરોસાની ભાજપા સરકારમાં જનકલ્યાણના અનેક કર્યો થયા છે ત્યારે સરકારની ઉત્કૃષ્ટ




કામગીરીની સાથે સંગઠનની સુદ્રઢ ભૂમિકા સાથે મોટા અંતરથી બેઠક જીતવા માટે સૌએ નિશ્ચય કર્યો હતો.

# શ્રી શ્રી રવિશંકરજી અને આચાર્ય લોકેશજીએ 'સિક્થ વર્લ્ડ સમિટ ઓન એથિક્સ એન્ડ લીડરશીપ ઇન સ્પોર્ટ્સ'ને સંબોધિત કર્યું

**"રમતગમતમાં સફળતા માટે યોગ અને ધ્યાન ઉપયોગી છે" - આચાર્ય લોકેશજી**

**"રમતગમત લોકોને એકસાથે લાવી શકે છે" - શ્રી શ્રી રવિશંકરજી**



રમતોમાં નૈતિકતા સંરક્ષણ, કોર્પોરેટ એડમિનિસ્ટ્રેશન અને માનવતા લાવવામાં રમતની ભૂમિકાના કિસ્સાઓ માટે હિતાધારકો વચ્ચે સઘન અને રચનાત્મક સંવાદની સુવિધા માટે , આર્ટ ઑફ લિવિંગ દ્વારા 'સિક્થ વર્લ્ડ સમિટ ઓન એથિક્સ એન્ડ લીડરશીપ ઈન સ્પોર્ટ્સ'નાં બે દિવસીય કાર્યક્રમનું આયોજન કર્યું હતું. એક એવો કાર્યક્રમ જે લાઈવસ્ટ્રીમ પણ કરવામાં આવ્યો હતો જેને હજારો લોકોએ ઓનલાઈન નિહાળ્યો હતો . આ ૨ દિવસીય કાર્યક્રમમાં, આયોજક આર્ટ ઓફ લિવિંગનાં શ્રી શ્રી રવિશંકરજી ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક આચાર્ય ડૉ લોકેશજી, કેન્દ્રીય કાયદા અને ન્યાય પ્રધાન કિરેન રિજજુજી , પુલેલા ગોપીચંદ, મુખ્ય રાષ્ટ્રીય કોચ, રાષ્ટ્રીય બેડમિન્ટન ટીમ, નારાયણ કાર્તિકેયન, ભારતના પ્રથમ ફોર્મ્યુલા વન ડ્રાઈવર, સવિતા પુનિયા, ભારતીય મહિલા રાષ્ટ્રીય હોકી ટીમના કેપ્ટન, કોમનવેલ્થ અને એશિયન ગેમ્સના સુવર્ણ ચંદ્રક વિજેતા યોગેશ્વર દત્ત, પીઆર શ્રીજેશ, ભારતીય રાષ્ટ્રીય હોકી ટીમ, ભારતના ગોલકીપર, પંકજ અડવાણી, ૨૫ વખતના આંતરરાષ્ટ્રીય બિલિયર્ડ અને સ્નૂકર વર્લ્ડ ચેમ્પિયન, યશપાલ સોલંકી, હાઈ પરફોર્મન્સ ડિરેક્ટર, સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા, કલ્યાણ ચૌબે, ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનના પ્રમુખ અને ભૂતપૂર્વ વ્યાવસાયિક ફૂટબોલ ખેલાડી અને સુધાંશુ મિત્તલ, ઉપપ્રમુખ , ભારતીય ઓલિમ્પિક એસોસિએશન ઉપસ્થિત રહ્યા હતા .

વિશ્વ શાંતિદૂત આચાર્ય ડૉ.લોકેશજીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે લાંબા શ્વાસ એ એકાગ્રતાનો રામબાણ ઉપાય છે અને એકાગ્રતા એ રમતગમતના ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ માટે સફળતાની ચાવી છે. તેમણે કહ્યું કે, યુવાનો એ સમાજ અને રાષ્ટ્રની કરોડરજ્જુ છે, જેઓ સતત ઉત્સાહ અને પ્રતિભા દ્વારા સમાજ અને વિશ્વમાં તેમના રાષ્ટ્રનું નામ રોશન કરવામાં મહત્વનું યોગદાન આપે છે. યુવાનોમાં ઘણી ઉર્જા અને શક્તિ હોય છે, જેને યોગ્ય દિશામાં લગાવીને તેઓ માત્ર પોતાના પરિવાર માટે જ નહીં પરંતુ દેશને પણ ગૌરવ અપાવવા માટે સક્ષમ સાબિત થઈ શકે છે.

આર્ટ ઓફ લિવિંગના સ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિ શંકરજી એ કહ્યું કે "રમત એ એવી વસ્તુ છે જે લોકોને એકસાથે લાવી શકે છે. પરંતુ આજે રમત યુદ્ધની જેમ રમાય છે અને યુદ્ધ રમતની જેમ રમાય છે. તે વધુમાં ઉમેરે છે, "ખેલાડીઓએ જવાબદારીની ભાવના સાથે રમવું જોઈએ અને તેમના પ્રેક્ષકો અને ચાહકો પ્રત્યે પવિત્રતાની ભાવના રાખવી જોઈએ. નૈતિકતાનો અર્થ એ છે કે આપણે જે ઈચ્છીએ છીએ કે કોઈ આપણી સાથે ન કરે તે બીજા સાથે ન કરવું. આ જાગૃતિ ખૂબ જ મહત્વપૂર્ણ છે. 'યુનાઇટેડ ફોર એથિક્સ ઈન સ્પોર્ટ્સ' થીમ પર, વક્તાઓના એક પ્રતિષ્ઠિત જૂથ, નીતિ નિર્માતાઓ, વહીવટકર્તાઓ અને શ્રી એરિકજી સહિત કુશળ ખેલાડીઓએ રમતમાં નૈતિકતા અને અખંડિતતાને પ્રોત્સાહન આપવા, વ્યવસાયો અને રાજકારણ માટે રમતગમતની દુનિયામાંથી બોધપાઠ લેવા પર વક્તવ્ય આપ્યું હતું. સફળ ઝજીઇ પ્રવૃત્તિઓ દર્શાવવા માટે, રમતગમતમાં નીતિશાસ્ત્રમાં વર્તમાન પડકારોનું મૂલ્યાંકન કરો અને ઉકેલોની ચર્ચા કરવામાં આવી હતી . સમિટમાં સંઘર્ષ, આર્થિક કટોકટી અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓથી ઝઝૂમી રહેલી મહામારી પછીની દુનિયામાં લોકોને એક કરવા માટે નિષ્પક્ષ રમતનો ઉપયોગ કરવા માટે રોડમેપ બનાવવાની માંગ કરવામાં આવી હતી. રમતગમતની ઘટનાઓમાં નીતિશાસ્ત્રનો મુદ્દો તાજેતરમાં ચર્ચાનું કેન્દ્ર બન્યો છે, ખાસ કરીને આગામી વિવાદાસ્પદ ફિફા વર્લ્ડ કપ સાથે. સમિટમાં માત્ર ભ્રષ્ટાચાર, ડોપિંગ અને માનવાધિકાર જેવા રમત ગવર્નન્સ સંબંધિત ગંભીર પડકારો તરફ ધ્યાન દોરવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું ન હતું, પરંતુ સકારાત્મક રોલ મોડલ પ્રદાન કરવામાં રમતગમતના યોગદાનને પણ માન્યતા આપવામાં આવી હતી. સમિટની કાર્યવાહીમાં એથિક્સ સ્પોર્ટ્સ એવોર્ડ ૨૦૨૨ ની જાહેરાત પણ કરવામાં આવી હતી , જે ઉત્કૃષ્ટ વ્યક્તિઓ અને સંસ્થાઓને આપવામાં આવે છે જેણે જીવન અને રમતગમતના ક્ષેત્રોમાં માનવ મૂલ્યો અને નીતિશાસ્ત્રને પ્રોત્સાહન આપ્યું છે. આ વર્ષના વિજેતાઓમાં: એફસી યુનિયન બર્લિન ઇ.વી. ઉત્કૃષ્ટ સંસ્થા માટે, રમતગમતમાં માનસિક સ્વાસ્થ્યના પ્રમોશન માટે અન્જા હેમરસેંગ-એડિન, રમતગમતમાં ઉત્કૃષ્ટ યોગદાન માટે કેન્દ્રીય મંત્રી કિરેન રિજજુ , રમતગમતમાં સુગમતા માટે સંદીપ સિંહને આ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા હતા .

# AIANA અને TV9 ગુજરાતીના સંયુક્ત ઉપક્રમે આયોજિત પ્રવાસી ગુજરાતી પર્વના સમાપન પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે આપી હાજરી




પ્રવાસી ગુજરાતી પર્વમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે સંબોધન કરતા જણાવ્યું હતું કે, ભારત દેશ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં નવી સિદ્ધિના શિખરો સર કરી રહ્યું છે. ભારત વિશ્વનું પાંચમું મોટું અર્થતંત્ર બન્યું છે. ત્યારે વિશ્વમાં ભારતની શક્તિ અને 'વસુધૈવ કુટુંબકમ્'ની નીતિની ચર્ચાઓ થઈ રહી છે. આવા સમયે પ્રવાસી ગુજરાતી પર્વનું આયોજન વિશેષ ગણાવી મુખ્યમંત્રીશ્રીએ આયોજકોને અભિનંદન પાઠવ્યું હતું.

AIANA અને TV9 ગુજરાતીના સંયુક્ત ઉપક્રમે ૧૫ અને ૧૬ ઓક્ટોબર એમ બે દિવસ પ્રવાસી ભારતીય પર્વ આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં વિશ્વભરના ૨૦ દેશો અને ભારતના વિવિધ રાજ્યોમાંથી ૨,૫૦૦થી વધુ અગ્રણીઓ સામેલ થયા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત દેશ આઝાદીના અમૃત કાળમાં પ્રવેશ્યો છે, ત્યારે ભારતીય સમુદાયના યોગદાનની નોંધ લેવાનો આ યોગ્ય સમય છે. શ્રી નરેન્દ્રભાઈ હંમેશા પ્રવાસી ભારતીયોની પડખે રહ્યા છે, તેમને રાજ્ય તથા દેશના વિકાસમાં સહભાગી થવા આમંત્રણ આપ્યું છે અને આવકાર્યા છે. વિદેશમાં વસતા ભારતીયો પાસે વૈશ્વિક એક્સપોઝર અને અનુભવ છે અને તેમને દેશના વિકાસમાં યોગદાન આપવા માટે તત્પર હોય છે. વિકાસયાત્રામાં તેમના યોગદાનથી આત્મનિર્ભર ભારતનો માર્ગ પ્રબળ બનશે તેવો વિશ્વાસ પણ તેમણે વ્યક્ત કર્યો હતો.

શ્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતી સમુદાયે સવાયા ગુજરાતી બનીને માતૃભૂમિનાં ઋણ અદા કર્યું છે. આજે ભારત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈની વિઝનરી લીડરશીપમાં વિકાસની નવી સિદ્ધિ હાંસલ કરી રહ્યો છે, જેમાં ગુજરાત અગ્રેસર છે. ગુજરાત દરેક રીતે દેશનું મોસ્ટ પ્રિફર્ડ ડેસ્ટિનેશન ગણાય છે. તેમણે કહ્યું કે, નીતિ આયોગ રીપોર્ટ પ્રમાણે ફાઈનાન્સિયલ મેનેજમેન્ટમાં પણ ગુજરાત અગ્રણી છે. આપણું રાજ્ય છેલ્લા ત્રણ વર્ષથી આ ક્ષેત્રે બેસ્ટ પરફોર્મન્સ આપી રહ્યું છે. ગુજરાતમાં વિશ્વકક્ષાનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર છે. વિકાસને વધુ આગળ ધપાવવા માટે પીએમ ગતિશક્તિ હેઠળ માસ્ટર પ્લાન બનાવનાર દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે.

વડાપ્રધાન શ્રીના દિશાદર્શનમાં રાજ્યના વિકાસને વેગ આપવા માટે રાજ્ય સરકારે એક વર્ષમાં સાત નવી નીતિ બનાવી છે, જે રાજ્યને વિકાસના પથ પર આગળ વધારવા યોગદાન આપશે. એવો તેમણે વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

પ્રવાસી ગુજરાતી પર્વના સમાપન સમારોહમાં વૈષ્ણચાર્ય શ્રી દ્વારકેશલાલજી, ભગવાદાચાર્ય શ્રી રમેશ ઓઝા તેમજ અમદાવાદ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર શ્રીમતી ગીતાબેન પટેલ અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી હિતેશ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. બે દિવસ દરમિયાન આયોજિત થયેલા વિવિધ સત્રોમાં અલગ અલગ દેશોમાંથી હાજરી આપવા આપેલા પ્રવાસી ગુજરાતીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK